ماہنامہ البلاغ

AL-BALAG MONTHLY

## જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસરનું મુખપત્ર



# અલ-બલાગ

માસિક

**ડીસેમ્બર- ૨૦૧૮**

માનદ તંત્રી

## અહમદ યાકૂબ પટેલ

મુહતમિમ : જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસર

પેજ નં. -૧

અલ - બલાગ

તવહીદ અને ઈસ્લામની દોલતથી માલામાલ હોવાના કારણે મઝહબી એતેબારથી મુસલમાનના સ્વભાવમાં અન્યો પ્રત્યે, વિશેષ કરીને ગેર મુસ્લિમો પ્રત્યે કંઈક વધારે જ નરમ વર્તન હોય છે. મુસલમાન ચાહતો હોય છે કે ગેરમુસ્લિમ બિરાદર નજીક આવે અને ઈસ્લામની સમજ કેળવે. સારી વાત છે. પણ યાદ રાખો ! આ નરમાશ આપણને આપણા સિદ્ધાંતોને છોડવા સુધી ન લઈ જાય. કુરઆને એની મનાઈ ફરમાવી છે. આજે જે લોકો મુસલમાનોને એમની અમુક ધાર્મિક બાબતો વિશે હિંદુઓ સાથે સમાધાન કરવાનું કહે છે, એનું કારણ વધારે પડતી દોસ્તી છે. ઈસ્લામના નામે આવી બાંધછોડ કરીશું તો પછી આપણા આવા સગવડિયા ઈસ્લામને કોણ પસંદ કરશે ? એ પણ વિચારીએ !

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રી લેખ | ૩ |
| મઆરિફુલ હદીસ | ૬ |
| યહૂદીઓની સાજિશ | ૧૧ |
| મુસલમાનોની વર્તમાન સ્થિતિ | ૧૫ |
| તંદુરસ્તીનું મહત્વ | ૨૧ |
| જામિઅહને સદમો | ૨૫ |
| ફતાવા વિભાગ | ૨૯ |
| બોધકથા | ૩૩ |
| 100 ADVICES FROM QURAN | ૩૪ |
| છેલ્લા પાને | ૩૬ |



# અલ બલાગ

માસિક

માનદ તંત્રી :

મુફ્તી અહમદ દેવલ્વી

ડિસેમ્બર – ૨૦૧૮ ઈ.

રબી. અવ્વલ – ૧૪૪૦ હિ.

વર્ષ – ૧૭, અંક – ૧૦

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦–૦૦

છુટક કિંમત : ૧૦–૦૦ રૂા.

https://www.jamiahjambusar.in/Al__Balag.php

***મવ. ઇસ્માઈલ મૂસા માંકરોડ રહ.*** મરકઝે ઈસ્લામી અંકલેશ્વરના સ્થાપક અને મોહતમિમ જનાબ મવલાના મૂસા માંકરોડ સાહેબ દા.બ.ના ફરઝંદ અને મરકઝે ઈસ્લામીના નાયબ મોહતમિમ જનાબ મવલાના ઈસ્માઈલ સાહેબ રહ. યુવાન વયે એક કાર એકસીડન્ટમાં શહીદ થઈ ગયા. ઈન્નાલિલ્લાહ. મવ. ઈસ્માઈલ સાહેબ મરકઝે ઈસ્લામીના નાયબ મોહતમિમ હોવા ઉપરાંત મરકઝે ઈસ્લામી ખાતે કાર્યરત 'મરકઝુલ મઆરિફ'ના ડાયરેકટર પણ હતા. આ વિભાગ દ્વારા ઉલમાએ દીનને ઈંગ્લીશ લેંગ્વેજ એન્ડ લીટરેચરની તાલીમ આપવામાં આવે છે. સ્વભાવે મિલનસાર, પ્રેમાળ, કદરદાન અને નમ્ર વ્યકિતત્વ ધરાવતા હતા. પોતાના વાલિદ મવ. મૂસા. સાહેબની મોટી ઉમરના લઈ મરકઝે ઈસ્લામીની વધુ પડતી જવાબદારીઓ આપ રહ. જ નિભાવતા હતા. અલ્લાહ તઆલા મરહૂમની મગફિરત ફરમાવે. જન્નતુલ ફિરદોસ અતા ફરમાવે અને સગાંઓને સબ્રે જમીલની તોફીક આપે. મરકઝે ઈસ્લામી અને મવ. મૂસા દા.બ.ને જે સદમો અને ખોટ પહોંચી છે એની ભરપાઈ ફરમાવે. આમીન..

***મવ. આસિફ આછોદી સા. રહ.*** દારૂલ ઉલૂમ મરકઝે ઈસ્લામી, અંકલેશ્વરના યુવાન આલિમ – વિદ્વાન મવ. આસિફ સા. રહ. પણ મવ. ઈસ્માઈલ માંકરોડ રહ. સાથે એક જ ઘટનામાં શહીદ થયા. રાજસ્થાનના સફરેથી પાછા ફરતી વેળા વતનથી ઘણા નજીક ભરૂચ પહોંચીને એમની કારનું એકસીડન્ટ થયું અને બન્ને તેઓ શહીદ થયા. આપ રહ.એ મરકઝે ઈસ્લામીમાંથી જ તાલીમ પૂરી કરી હતી અને ત્યાં જ દીની સેવા આપતા હતા. મદરસાની તાલીમ ઉપરાંત શહેરમાં ઈમામતની સેવા પણ આપતા હતા. સુંદર મીઠી બોલી આપ રહ.ને અલ્લાહ તઆલાએ આપી હતી, જેના થકી જલ્સાઓમાં સુંદર એનાઉન્સ અને તકરીર પણ ફરમાવતા હતા. અલ્લાહ તઆલા મરહૂમની મગફિરત ફરમાવે. નેકીઓ કુબૂલ ફરમાવે. જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા ફરમાવે. અને સગાઓને સબ્રે જમીલની તોફીક આપે. આમીન.

***હાજી સુલેમાન માસ્તર સલાદરા રહ.*** જામિઅહના રુકને શૂરા જનાબ કારી યૂસુફ આફ્રિકી સા.ના વેવાઈ જનાબ હાફેજ ઈબ્રાહીમ સલાદરા સાહેબના વાલિદે મોહતરમ જનાબ હાજી સુલેમાન માસ્તર સા. ભરૂચ ખાતે પાછલા દિવસોમાં ઈન્તેકાલ ફરમાવી ગયા. મુળ સલાદરાના અને ભરૂચ સ્થાયી જનાબ સુલેમાન સા. જમીઅતે ઉલમા જિ. ભરૂચ, ગુજરાતના સક્રિય કાર્યકર પણ હતા. જનાબ કારી યૂસુફ સા.ની ખિદમતમાં જામિઅહ પરિવાર તરફથી તઅઝિયત પેશ છે. અને દુઆ છે કે અલ્લાહ તઆલા એમની મગફિરત ફરમાવે. અને સગાઓને સબની તોફીક આપે. આમીન....

*તંત્રી સ્થાનેથી..*

પાછલા અમુક દિવસોથી ધીરે ધીરે હિંદુ – મુસ્લિમ વિભાજન આધારિત મુદ્દાઓ મીડીયા અને રાજકરણીઓ દ્વારા ચગાવવામાં આવી રહયા છે.

આવી ચેષ્ટા કરવા પાછળ બે આશયો છે. બન્નેવ આશયોને ગૌણ ગણીને નકારી કાઢવા નહીં જોઈએ એવું અમારું માનવું છે.

પહેલો મકસદ ચુંટણીનો લાભ. એટલે કે આ મુદ્દાઓ થકી સત્તાની સીડીઓ ચડીને સત્તાનો લાભ લેવાનો છે.

સામાન્ય રીતે આપણે એમ કહીને ટાળવાનો પ્રયત્ન કરીએ છીએ કે આ બધું ચુંટણી જીતવા માટે કે સત્તા મેળવવા માટે કરવામાં આવે છે, માટે એના તરફ ધ્યાન આપવાની જરૂરત નથી. પણ આ સાથે વિચારવાનું છે કે, આ સત્તા મેળવાનારા કોણ છે ? સત્તા મેળવવા પાછળ એમનો આશય માત્ર અને માત્ર સત્તા જ છે કે પછી સત્તા સાથે કથિત પવિત્ર પૌરાણિક સંસ્કૃતિ અને હિંદુ ધર્માંધતાને ફરી સ્થાપિત કરવાનો પણ આશય તેઓ ધરાવે છે ? આવી ચર્ચા કરતી વેળા આ બાબતે સામે રાખવી જરૂરી છે. નિશંક ચુંટણી લડનારા અમુક તત્વોનો છેલ્લો આશય ફકત સત્તા જ હશે, ફંડફાળો આપનાર અમુક ઉદ્યોગપતિઓ પણ કદાચ આર્થિક લાભ સામે રાખીને જ કોઈ એક વિશેષ પાર્ટીને ફંડ આપતા હશે, પણ સરેરાશ આવું નથી. ફકત અમુક જ ટકા વસતી ધરાવતો એક વિશેષ વર્ગ ભારતની અનેકાનેક જાતિઓ અને ધર્મોને પરાણે હિંદુ ગણાવીને બહુમતિનો રાગ અલાપે છે, અને પછી બહુમતિ વસતીના અધિકારો – આસ્થાઓના નામે દેશની સઘળી સંસ્થાઓ અને સત્તાઓને પોતાના હાથમાં કરી લેવા માંગે છે.

માટે અમારું માનવું છે કે નફરત અને કોમવાદની કોઈ પણ હરકત, ભલે ને તે ચુંટણી ટાણે જ કરવામાં આવતી હોય, એને હલકામાં લેવી જોઈએ નહીં, લાંબા ગાળે મુસ્લિમ સમાજ માટે એના

ખતરનાક નુકસાનો સામે આવી શકે છે.

બીજો મકસદ આ છે કે ચુંટણી ટાણે આવા વિષયો ચગાવીને એવો માહોલ ઉભો કરવામાં આવે કે દરેકને એમ જ લાગે ચુંટણી જીતવા માટે આ મુદ્દાઓનો સહારો લેવો જરૂરી છે. એના આધારે જ મતદારો લામબંધ થશે અને વોટ મળશે. એટલે કે સંઘ કે બીજેપી કે અન્યો થકી હિંદુ અધિકાર અને આસ્થાના વિષયો ચગાવીને અન્ય સેકયુલર પક્ષોને પણ આવા મુદ્દાઓ અપનાવવા ઉપર મજબૂર કરવામાં આવે. જેથી ચુંટણીમાં ગમે તે પક્ષની જીત થાય, છેવટે 'હિંદુ હિત' જ સર્વોપરી રહે.

એમ તો ભારત બિનધાર્મિક દેશ છે એટલે કે એનું બંધારણ કોઈ વિશેષ ધર્મ આધારિત નથી, પણ ભારતમાં કોઈ ધર્મ પાળવા ઉપર પાબંદી પણ નથી. દરેકને પોતાની પસંદ મુજબ ધર્મ પાળવાની આઝાદી છે. પણ ગંદી – ખોટી વિચારધારા અને સંકૃચિત માનસ ધરાવતા એક વિશેષ સમુહ દ્વારા ધર્મ આધારિત સત્તા સ્થાપવાના હેતુથી મુસલમાનોને શત્રુ તરીકે ચીતરીને હિંદુઓને લામબંધ કરવાના પ્રયત્નો કરવામાં આવે છે. ભારતમાં કોઈ હિંદુ ધર્મની સેવા કરે અને પ્રગતિના પ્રયત્નો કરે એમાં કોઈને વાંધો ન હોય શકે, દરેકને આઝાદી છે, પણ કોઈ એવું સમજે કે ફલાણા લોકો અમારા શત્રુ છે અને એમના વિનાશમાં જ અમારો વિકાસ છે તો એ નકારાત્મક સોચ છે. પ્રગતિની બુનિયાદ તો હકારાત્મક વિચારો અને રચનાત્મક કાર્યો જ ગણાય છે અને આ બુનિયાદ મજબૂત હોય તો પ્રગતિને કોઈ રોકી ન શકે, અને શત્રુનો ખોફ પણ ન રહે. વિશ્વભરમાં મુસલમાનો અગર ફેલાયેલા છે અને ઈઝઝતથી જીવે છે તો એનું કારણ ફકત એમનો આવો આત્મવિશ્વાસ જ છે. હિંદુ બિરાદરો પણ પ્રગતિના રસ્તે આગળ વધવા માંગતા હોય તો આ કાલ્પનિક શત્રુ પાછળ શકિત વેડફવાના બદલે રચનાત્મક કાર્યોમાં એમની શકિત વાપરે, લાંબા ગાળે એનાથી જ સમાજને ફાયદો થશે.

ખેર.. મુસલમાનોની વાત કરીએ તો મુસલમાનો માટે જરૂરી છે કે દિલ અને દિમાગમાંથી ભય અને ડરના વિચારો ખંખેરી કાઢે. ગમે તે થાય આ દેશમાં ઈઝઝત સાથે જ જીવવાનુ છે અને ઈઝઝત સાથે જ મરવાનું છે.

પાછલા દિવસોમાં અયોધ્યા ખાતે કંઈક વાતાવરણ ગરમ થયું તો ઘણા લોકો બોલવા લાગ્યા કે સમાધાન કરી લેવું જોઈએ. લોકોની જાન – માલનો ખતરો છે. વગેરે... અરે ભાઈઓ ! આ ખતરો આજે જ છે ? અને બાબરી મસ્જિદના કારણે જ છે ? આ સ્થિતિ તો આઝાદી પહેલાંથી જ ચાલતી આવી છે, અને કોઈને કોઈ બહાને સમયાંતરે આવા સંજોગો ઉભા થતા રહે છે. યાદ રાખો, દુનિયાનું સલામત જીવન જ આપણી છેલ્લી મંઝિલ નથી. બલકે 'ઈસ્લામ' સાથેનું 'સલામત' જીવન આપણો ધ્યેય હોવો જોઈએ. ભારતની વર્તમાન સ્થિતિમાં ઈસ્લામને કે ઈસ્લામી ઓળખને જતી કરીશું તો 'સલામતી' પણ આપણા હાથમાં નહીં રહે. આજે એક કેસ બાબતે સમાધાન કરીશું તો કાલે બીજા અનેક મુદ્દાઓ સામે લાવવામાં આવશે. ચાહે ગમે તેવા કરારો કેમ ન કરી લઈએ. આજે રાષ્ટ્રીય સ્તરે એક કેસમાં સમાધાન કરી લઈશું તો પછી આખા દેશના ગામડાઓ, શહેરો, શેરીઓ અને મહોલ્લાઓમાં જબરદસ્તી આવા અનેક સમાધાનો કરાવી લેવામાં આવશે અને કોઈને ખબર પણ નહીં પડે. આપણા અંદર પણ કેટલાયે એવા લેભાગુઓ હશે જે પોતપોતાના વિસ્તારોમાં આવા સમાધાનો કરી – કરાવીને ધન દોલત મેળવવા કે સત્તાની મજા ચાખવા તૈયાર છે. બસ એક તક મળે એટલી વાર છે. આખા દેશમાં મુસલમાની સંપત્તિ અને સ્વતંત્રતાને આવા સમાધાનોના નામે બલિ ચડાવી દેવામાં આવશે.

માટે ડર અને ભય આધારિત વિચારો દિમાગમાંથી કાઢીને ઈઝઝત સાથે જીવવાનો નિર્ધાર કરીએ. એમાં જ આપણું સલામત અને ઉજળું ભવિષ્ય છે.

# મઆરિફુલ હદીસ

હઝરત મવલાના મંઝૂર નોમાની (રહ.)

***અનુવાદ : મવલાના યાકૂબ બારીવાલા સા. રહ.***

*(બ્લેકબર્ન. યુ.કે.)*

૧૨૭

## *વિત્રમાં કિરાઅત, કુનૂત તથા વિત્ર પછીની નફલ બાબતે*

### *વિત્રમાં કિરાઅતઃ*

(١٩٨) عَنْ عَبْدِ الْعَزِيْزِ بْنِ جُرَيْجٍؓ قَالَ سَأَلْنَا عَائِشَةَؓ بِاَيِّ شَيْءٍ كَانَ يُوْتِرُ رَسُوْلُ اللّٰهِ ﷺ؟ قَالَتْ كَانَ يَقْرَءُ فِى الْاُوْلٰى بِسَبِّحِ اسْمَ رَبِّكَ الْاَعْلٰى وَفِى الثَّانِيَةِ بِقُلْ يَا اَيُّهَا الْكٰفِرُوْنَ وَفِى الثَّالِثَةِ بِقُلْ هُوَ اللّٰهُ اَحَدٌ وَالْمُعَوَّذَتَيْنِ۔

(رواه الترمذى وابوداؤد)

**તરજુમોઃ– હઝરત અ. અઝીઝ બિન જુરૈજ તાબિઈ બયાન કરે છે કે અમે ઉમ્મુલ મુઅમિનીન હઝરત આયશા (રદિ.)ને પુછયું કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) વિત્રમાં કઈ સૂરતો પઢતા હતા? તેમણે ફરમાવ્યું કે પહેલી રકાતમાં આપ " سبِّح اسْمَ ربِّكَ الاعْلٰى " પઢતા હતા. અને બીજી રકાતમાં " قُلْ يَا ايُّها الكٰفِرُون " અને ત્રીજી રકાતમાં " قُل هو اللّٰه احدُ " અને " قُل اعُوذُ بربِّ الفلقِ " તથા " قُل اعُوذُ بربِّ النَّاسِ " પઢતા હતા. (તિર્મિઝી, અબૂ દાઉદ)**

**ખુલાસો :– વિત્રની પહેલી રકાતમાં " سبِّح اسْمَ ربِّكَ الاعْلٰى " અને બીજીમાં " قُلْ يَا ايُّها الكٰفِرُون " અને ત્રીજી રકાતમાં " قُل هوَ اللّٰه احد " પઢવું રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)થી હઝરત ઉબૈ બિન કઅબ (રદિ.) અને હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.) એ પણ રિવાયત કરી છે. પરંતુ એ બંનેવે ત્રીજી રકાતમાં "મુઅવ્વઝતૈન" પઢવાનો ઉલ્લેખ કર્યો નથી. જાણવા મળે છે કે કોઈ વખત આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) ત્રીજી રકાતમાં માત્ર સૂરએ ઈખ્લાસ પઢતા હતા અને કોઈ વખતે**

તેની સાથે "મુઅવ્વઝ તૈન" પણ પઢતા હતા.

*__વિત્રનું કુનૂત :__*

(۱۹۹) عَـنِ الْـحَسَـنِ بْنِ عَلِيٍّ قَالَ عَلَّمَنِىْ رَسُوْلُ اللّٰهِ ﷺ كَلِمَاتٍ اَقُوْلُهُنَّ فِـى قُنُوْتِ الْوِتْرِ اَللّٰهُمَّ اهْدِنِىْ فِى مَنْ هَدَيْتَ وَعَافِنِىْ فِى مَنْ عَافَيْتَ وَتَوَلَّنِىْ فِـىْ مَنْ تَوَلَّيْتَ وَبَارِكْ لِى فِيْمَا اَعْطَيْتَ وَقِنِى شَرَّ مَاقَضَيْتَ فَاِنَّكَ تَقْضِىْ وَلَا يُـقْـضٰـى عَـلَيْكَ اَنَّـهٗ لَا يَـذِلُّ مَـنْ وَّالَيْـتَ تَبَـارَكْتَ رَبَّنَا وَتَعَالَيْتَ۔ (رواه الترمذى وابوداؤد والنسائى وابن ماجة والدارمى)

તરજુમો:– હઝરત હસન બિન અલી (રદિ.)થી રિવાયત છે કે મને રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ અમૂક કલિમા તાલીમ ફરમાવ્યા હતા. જેને હું કુનૂતે વિત્રમાં પઢુ છું "અલ્લાહુમ્મહ દિની ફી–મન હદય્ત વઆફિની ફી–મન આફય્ત વતવલ્લની ફિ–મન તવલ્લય્ત વબારિક લી ફી–મા અ'તય્ત વકિની શર્ર મા કદય્ત ફઈન્નક તકજી વલા યુકજા અલયક ઈન્નહૂ લાયઝિલ્લુ મંવાલય્ત તબારકત રબ્બના વ તઆલય્ત." (એય અલ્લાહ! જે બંદાઓને તુ સીધો રસ્તો બતાવે, તેમની સાથે મને પણ સિધો રસ્તો બતાવ, અને જેમને તું આફિયત (એટલે દુનિયા, આખિરતની બધી બલાઓથી સલામતી) અર્પણ કરે તેમની સાથે મને પણ આફિયત આપ, અને મારો મુતવલ્લી અને કામ કાઢનાર બની જા, તે બંદાઓ સાથે જેમનો તું કારસાઝ બને, અને મને બરકત આપ તે સઘળી વસ્તુઓમાં જે તું મને અર્પણ કરે. અને તારા ફેંસલાઓના ખોટા અસરથી મને બચાવ, તું જ બધા ફેંસલા કરે છે. અને હુકમો ચાલુ કરે છે. તારા પર કોઈનો હુકમ ચાલતો નથી બેશક જેની સાથે તારી દોસ્તી હોય તે ઝલીલ અને રૂસ્વા નથી થતો, (હમેશા ઈઝઝત વાળો અને એહતેરામ વાળો રહે છે.) તું બરકત વાળો છે. તારી શાન શ્રેષ્ઠ છે. મારા માલિક મારા પરવરદિગાર.

ખુલાસો :– કુનૂતની અમૂક રિવાયતોમાં " اِنَّـهٗ لايـذِّلُّ منْ واليت " પછી "ولايـعِـزُّ مـنْ عـادَيْتَ" પણ રિવાયત કરવામાં આવ્યું છે જેનો અર્થ એ છે કે જેનાથી તારી દુશ્મની હોય તે કોઈ હાલતમાં ઈઝઝતદાર બની શકતો નથી. અને અમૂક રિવાયતોમાં " تبـاركْتَ ربَّنا وتَعَاليْتَ " પછી " اَسْتَغْفِرُكَ واَتُوبُ اِلَيكَ " પણ રિવાયત કરવામાં આવ્યું છે. એટલે એય મારા પાલનહાર ! હું તારાથી ગુનાહોની માફી અને બખ્શિશ માંગું છું અને તારા તરફ રૂજૂઅ કરૂ છું,

અમૂક રિવાયતોમાં તોબા અને ઈસ્તિગ્ફારના એ કલિમાઓ પછી આ દુરૂદનો પણ વધારો છે. " وصَلَّى اللّٰهُ على النَّبِيِّ " (અને અલ્લાહ તઆલા રહમતો ઉતારે તેના પાક નબી (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) પર) ઘણા ઈમામો અને આલિમોએ વિત્રમાં પઢવા માટે આ જ કુનૂત પસંદ કર્યુ છે. હનફીઓમાં જે કુનૂત પ્રચલિત છે. "અલ્લાહુમ્મ ઈન્ના નસ્તઈનૂક વનસ્તગ્ફિરૂક વનુઅમિનુબિક વનતવક્કલુ અલયક વનુષ્ની અલયકલ ખૈર વનશકુરૂક વલાનક ફુરૂક વનખલઉ વનતરૂકૂ મૈયફજૂરૂક, અલ્લાહુમ્મ ઈય્યાકનઅબુદુ વલકનુસલ્લિ વનસ્જુદુ વઈલયકનસ્આ વનહફિદુ વનર્જુ રહમતક વનખશા અઝાબક ઈન્ન અઝાબક બિલકુફફારિ મુલ્હિક" એને ઈમામ ઈબ્ને અબી શૈબા (રહ.) અને ઈમામ તહાવી (રહ.) વગેરે એ હઝરત ઉમર (રદિ.) અને હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઉદ (રદિ.)થી રિવાયત કર્યુ છે. અલ્લામા શામી (રહ.) એ અમૂક અકાબિર હનફીઓથી નકલ કર્યુ છે કે બેહતર એ છે કે " اَللّٰهُمَّ اِنَّا نَسْتَعِينُكَ---الخ " સાથે હઝરત હસન બિન અલી (રદિ.)વાળુ કુનૂત "اللّٰهُمّ اهدِنِیْ فِی من هديت--الخ " પણ પઢી લે.

(۲۰۰) عن علِيٍ انَّ النَّبِیَّ ﷺ كان يقُولُ فِی آخرِ وِترِهٖ، اللّٰهمَّ انِّیْ اعُوذُ بِرِضَاكَ مِنْ سَخَطِكَ وَبِمُعَافَاتِكَ مِنْ عُقُوبَتِكَ وَاَعُوذُبِكَ مِنْكَ لَا اُحْصِیْ ثَنَاءً عَلَيْكَ اَنْتَ كَمَا اَثْنَيْتَ عَلٰى نَفْسِكَ۔ (رواه ابوداؤد والترمذی والنسائی وابن ماجة)

તરજુમો:– હઝરત અલી (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) વિત્રની નમાઝમાં છેવટમાં આ દુઆ પઢયા કરતા હતા. " اللّٰهمَّ اِنِّیْ اعُوذُبِكَ بِرِضَاكَ مِنْ سَخَطِكَ--الخ" એય અલ્લાહ! હું તારી નારાજીથી તારી રઝામંદીની પનાહ લઉ છું. હું તારી સજા અને તારા અઝાબથી તારી આફિયત બખ્શિની પનાહ લઉ છું, અને તારાથી તારી પનાહ લઉ છું મારાથી તારા વખાણ અને ગુણોનો હક અદા નથી થઈ શકતો, (બસ એ જ અરજ કરૂં છું કે) તુ એવો જ છે જેવો કે તેં તારા વખાણ અને ગુણો બયાન કર્યા છે.

ખુલાસો :– સુબ્હાનલ્લાહ ! કેટલી બારિક વાત છે. આ દુઆમાં પુરી દુઆનો ભાવાર્થ એ છે કે અલ્લાહની નારાઝી, અલ્લાહની સઝા, અલ્લાહની

પકડ, અને તેના જલાલથી, કોઈ બીજી પનાહની જગ્યા નથી. બસ તેની રહમત, મહેરબાની અને તેની કરીમ જાત જ પનાહ આપી શકે છે. હઝરત અલી (રદિ.)ની આ હદીષમાં માત્ર એટલો ઉલ્લેખ છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) આ દુઆ પોતાની વિત્રની નમાઝમાં છેવટમાં પઢતા હતા. એનો મતલબ એ પણ થઈ શકે છે કે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) ત્રીજી રકાતમાં કુનૂતની રીતે આ દુઆ કરતા હતા. એનો મતલબ એ પણ થઈ શકે છે કે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) ત્રીજી રકાતમાં કુનૂતની રીતે આ દુઆ કરતા હતા, અને એ મતલબ પણ થઈ શકે છે કે વિત્રના છેલ્લા સિજદાઓમાં આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) આ દુઆ કરતા હતા સહીહ મુસ્લિમમાં હઝરત આયશા (રદિ.)ની રિવાયત છે કે એકવાર તેમણે રાતની નમાઝના સિજદામાં હુઝૂર (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ને એ જ દુઆ કરતાં સાંભળ્યા હતા. મતલબ કે આ બધી જ રીતો કરવાની છૂટ છે. અલ્લાહ તઆલા અમલની તાફીક અર્પણ કરે. આમીન.

(۲۰۱) عَنْ اُبَیِّ بْنِ کَعْبٍؓ قَالَ کَانَ رَسُوْلُ اللّٰہِ ﷺ اِذَا سَلَّمَ فِی الْوِتْرِ قَالَ سُبْحَانَ الْمَلِكِ الْقُدُّوْسِ۔ (رواہ ابوداؤد والنسائی وزاد ثلث مرات یطیل)

તરજુમો:– હઝરત ઉબય બિન કઅબ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) જયારે વિત્રની સલામ ફેરવાતા તો કહેતા હતા " سُبْحَانَ الْمَلِكِ الْقُدُّوسِ " નસાઈની રિવાયતમાં આ પણ વધારો છે કે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) આ કલિમો ત્રણવાર કહેતા હતા. અને તેને લંબાવતા હતા, (એટલે ખેંચીને પઢતા હતા) અને અમૂક રિવાયતોમાં છે કે " ویرفعُ صوتهٗ بالثّالثة " (એટલે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) આ કલિમો ત્રીજીવાર ઝોરથી કહેતા હતા.)

### *વિત્ર પછીની બે રકાઅત નફિલ*

(۲۰۲) عَنْ اُمِّ سَلْمَةَؓ اَنَّ النَّبِیَّ ﷺ کَانَ یُصَلِّیْ بَعْدَ الْوِتْرِ رَکْعَتَیْنِ۔

(رواہ الترمذی)

તરજુમો:– હઝરત ઉમ્મે સલમા (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)વિત્રની નમાઝ પછી બે રકાત વધારે પઢતા

હતા. (તિર્મિઝી શરીફ)

આ હદીષને ઈબ્ને માજાએ પણ રિવાયત કરી છે. અને એમાં એટલો વધારો છે કે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) વિત્ર પછીની આ બે રકાતો ટુંકમાં અને બેસીને પઢતા હતા.

ખુલાસો :– વિત્ર પછી બે રકાતો બેસીને પઢવી રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)થી હઝરત ઉમ્મે સલમા (રદિ.) સિવાય હઝરત આયશા સિદ્દીકા (રદિ.) તેમ હઝરત અબૂ ઉમામહ (રદિ.) એ પણ રિવાયત કરી છે. એ જ હદીષોના આધારે અમૂક આલિમો વિત્ર પછીની તે બે રકાત બેસીને પઢવી અફઝલ સમઝે છે. પરંતુ બીજા લોકો ફરમાવે છે કે આ બાબતમાં બધા ઉમ્મતનીઓને રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) સાથે સરખાવી નથી શકતા.

સહીહ મુસ્લિમમાં હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર (રદિ.)થી રિવાયત છે કે તેમણે એક વાર રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ને બેસીને નમાઝ પઢતાં જોયા તો પુછયું કે મને તો કોઈએ આપના હવાલાથી એવું બતાવ્યું હતું કે બેસીને નમાઝ પઢનારને ઉભા થઈ નમાઝ પઢનાર કરતાં અર્ધો સવાબ મળે છે. અને આપ બેસીને નમાઝ પઢો છો આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું હા, મસ્અલો તો તે જ મુજબ છે. (એટલે બેસીને નમાઝ પઢવાનો સવાબ ઉભા થઈ પઢવાના મુકાબલામાં અર્ધો હોય છે) પરંતુ હું એ બારામાં તમારા જેવો નથી. મારી સાથે અલ્લાહનો મામલો જુદો છે. એટલે મને બેસીને પઢવામાં પણ પુરો સવાબ મળે છે.

આ હદીષના આધારે ઘણા આલિમો એ વાતને માને છે કે વિત્ર પછીની બે રકાતો માટે કોઈ અલગ રીત નથી. બલ્કે તે જ કાયદો છે કે બેસીને પઢવાનો સવાબ ઉભા થઈ પઢવાના મુકાબલામાં અર્ધો થશે.

વિત્ર વિષે હદીષ ઉપર વર્ણન થઈ ચુકી છે કે વિત્ર રાતની સૌથી છેલ્લી નમાઝ હોવી જોઈએ. વિત્ર પછી આ બે રકાતો પઢવી તે હદીષની વિરૂધ્ધ નહી ગણાય, કેમકે આ બે રકાતો અસલમાં વિત્રના જ તાબે છે. તેમની કોઈ અલગ વિશેષતા નથી.

---

# યહૂદીઓની સાજિશ અને હઝ. ઈસા અલૈ.ને આસમાને ઉઠાવી લેવાનો કિસ્સો

–મુફતી ફરીદ અહમદ કાવી

بسم الله الرحمن الرحيم

فَلَمَّآ اَحَسَّ عِيْسٰى مِنْهُمُ الْكُفْرَ قَالَ مَنْ اَنْصَارِيْٓ اِلَى اللّٰهِ ؕ قَالَ
الْحَوَارِيُّوْنَ نَحْنُ اَنْصَارُ اللّٰهِ ۚ اٰمَنَّا بِاللّٰهِ ۚ وَاشْهَدْ بِاَنَّا مُسْلِمُوْنَ ﴿٥٢﴾
رَبَّنَآ اٰمَنَّا بِمَآ اَنْزَلْتَ وَاتَّبَعْنَا الرَّسُوْلَ فَاكْتُبْنَا مَعَ الشّٰهِدِيْنَ ﴿٥٣﴾
وَمَكَرُوْا وَمَكَرَ اللّٰهُ ؕ وَاللّٰهُ خَيْرُ الْمٰكِرِيْنَ ﴿٥٤﴾ اِذْ قَالَ اللّٰهُ يٰعِيْسٰٓى اِنِّيْ
مُتَوَفِّيْكَ وَرَافِعُكَ اِلَيَّ وَمُطَهِّرُكَ مِنَ الَّذِيْنَ كَفَرُوْا وَجَاعِلُ الَّذِيْنَ
اتَّبَعُوْكَ فَوْقَ الَّذِيْنَ كَفَرُوْٓا اِلٰى يَوْمِ الْقِيٰمَةِ ۚ ثُمَّ اِلَيَّ مَرْجِعُكُمْ
فَاَحْكُمُ بَيْنَكُمْ فِيْمَا كُنْتُمْ فِيْهِ تَخْتَلِفُوْنَ ﴿٥٥﴾ فَاَمَّا الَّذِيْنَ كَفَرُوْا
فَاُعَذِّبُهُمْ عَذَابًا شَدِيْدًا فِي الدُّنْيَا وَالْاٰخِرَةِ ۡ وَمَا لَهُمْ مِّنْ
نّٰصِرِيْنَ ﴿٥٦﴾ وَاَمَّا الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ فَيُوَفِّيْهِمْ
اُجُوْرَهُمْ ؕ وَاللّٰهُ لَا يُحِبُّ الظّٰلِمِيْنَ ﴿٥٧﴾ ذٰلِكَ نَتْلُوْهُ عَلَيْكَ مِنَ الْاٰيٰتِ
وَالذِّكْرِ الْحَكِيْمِ ﴿٥٨﴾

તરજમહ : પછી જ્યારે હઝરત ઈસા (અલૈ.)ને તે યહૂદીઓ તરફથી નાફરમાનીનો ખુલ્લો એહસાસ થયો તો લોકોને પૂછયું : અલ્લાહ સુધી પહોંચવા(ના માર્ગમાં) કોણ કોણ મારા મદદગારો છે ? તો હવારીઓ બોલ્યા કે અમે અલ્લાહના મદદગાર છીએ, અમે અલ્લાહ ઉપર ઈમાન લાવ્યા અને તમે ગવાહ રહેજો કે કે અમે બધા તાબેદાર છીએ. (૫૨) હે અમારા રબ ! જે કંઈ (હુકમો) તેં ઉતાર્યા છે તેના ઉપર અમે ઈમાન લાવ્યા અને અમે આ રસૂલના તાબે થયા, માટે તું અમને માનનારાઓ માંહે લખી લે. (૫૩) અને તે લોકો (યહૂદીઓ)એ સાજિશો કરી અને અલ્લાહે (પણ જવાબી) યુક્તિઓ કરી અને અલ્લાહ તઆલા સર્વશ્રેષ્ઠ ચાલ ચાલનાર છે. (૫૪) (યાદ કરો) જ્યારે અલ્લાહે ફરમાવ્યું કે હે ઈસા (અલૈ.) ! હું તમને પૂરા લઈને પોતાના તરફ ઉપર ઉઠાવી લઈશ તેમજ તમને તે કાફિર લોકોની સંગતથી પવિત્ર કરી દઈશ. અને તમારી તાબેદારી કરનાર લોકોને કયામત સુધી કાફિરો ઉપર સર્વોપરી કરી દઈશ, પછી મારી પાસે જ તમારે બધાએ પાછા ફરવાનું છે, ત્યારે જે બાબતમાં તમે વિવાદ કરતા હતા એનો ફેસલો કરીશ. (૫૫) અને જેઓએ કુફ્ર કર્યું એમને દુનિયા અને આખિરતમાં આકરો અઝાબ આપીશ. આવી સ્થિતિમાં તેમનો કોઈ હિમાયતી મદદગાર પણ ન હશે. (૫૬) અને જે લોકો ઈમાન લાવ્યા અને સારા કામો કર્યા તો

અલ્લાહ તઆલા એમને એમનો સવાબ પૂરો આપશે, અને અલ્લાહ તઆલા ઝાલિમ લોકોને પસંદ નથી કરતા. (૫૭) આ બધી બાબતો, આયતો અને હિકમત ભરી નસીહતો અમે આપને સંભળાવીએ છીએ (૫૮)

તફસીર : હઝ. ઈસા અલૈ.એ જયારે યહૂદીઓનો ખુલ્લો વિરોધ જોયો તો લોકોને મદદ માટે પોકાર્યા કે ખુદાની રાહમાં કોણ મારી મદદ કરશે ? જવાબમાં હવારીઓ એટલે કે સાચા અનુયાયીઓએ કહયું : અમે અલ્લાહના મદદગાર છીએ.

'હવારી'નો મુળ અર્થ કપડાં ધોનાર (ધોબી) થાય છે. હઝ. ઈસા અલૈ.ના શરૂના અનુયાયીઓ દરિયા કિનારે રહેતા અને આ ધંધો કરનાર લોકો હતા એટલે પછી એમના બધા જ અનુયાયીઓનો આ લકબ પડી ગયો.

ઉપરોકત આયતના અનુસંધાનમાં તફસીરકારો લખે છે કે, દીન માટે દીનદાર લોકો પાસેથી મદદ માંગવી નબીની શાન અને તવક્કુલના વિરુદ્ધ નથી, બલકે આ જ અંબિયાનો તરીકો છે.

હઝ. ઈસા અલૈ.એ તો 'મારા મદદગારો કોણ કોણ છે ?' એવો સવાલ કર્યો હતો, અને જવાબમાં અનુયાયીઓએ કહયું કે, 'અમે અલ્લાહના મદદગાર છીએ' એનાથી માલૂમ પડે છે કે અલ્લાહ વાળાઓ સાથે કોઈ મામલો કરવો, એ અલ્લાહ સાથે જ મામલો કરવા બરાબર છે. *(તફસીરે માજિદી)*

હવારીઓ આ આયતમાં કહે છે કે અમે અલ્લાહ ઉપર અને રસૂલ ઉપર ઈમાન લાવીએ છીએ, જેનાથી સ્પષ્ટ થાય છે કે હઝ. ઈસા.ના સાચા અનુયાયીઓ હઝ. ઈસા અલૈ.ને હરગિઝ અલ્લાહના બેટા કે ખુદા માનતા ન હતા.

આયત નં ૫૩ માં અલ્લાહ તઆલા ફરમાવે છે : યહૂદીઓએ હઝરત ઈસા વિરુદ્ધ ઘણી સાજિશો કરી પણ અલ્લાહની સાજિશો એટલે કે તદબીરોને તેઓ કેવી રીતે પહોંચી શકે ! આ આયતમાં યહૂદીઓની સાજિશોને 'મક્કારી' અને 'દગાખોરી' કહેવામાં આવી છે. અને એમના વિરુદ્ધ અલ્લાહના ફેસલાઓ અને તદબીરો એમની સાજિશના જવાબમાં હતી એટલે એના માટે પણ એ જ શબ્દ વાપરવામાં આવ્યો છે.

યહૂદીઓએ હઝ. ઈસા વિરુદ્ધ જે તદબીરો અપનાવી હતી એનો ખુલાસો આ છે કે, હઝ. ઈસા. ના ઈન્કાર અને વિરોધની ઘણી બધી તદબીરો અપનાવ્યા પછી છેલ્લે એમણે નિર્ણય કર્યો કે, હવે આ નુબુવ્વતના દાવેદારને ખતમ કર્યે જ છુટકો છે, તો એના માટે સહુપ્રથમ પોતાની ધાર્મિક અદાલતમાં એમનો કેસ રજૂ કરીને

'બેદીન' થવાનો આરોપ મુકવામાં આવ્યો અને એમના માટે સૂળીએ ચડાવી દેવાની સજાનો ફેસલો કરવામાં આવ્યો.

આ ઘટના તે સમયના ફલસ્તીન પ્રદેશની છે. આ પ્રદેશ તે વેળા રોમન લોકોના તાબે હતો. રોમન લોકો પોતે તો બુતપરસ્ત અને મુશ્રિક હતા, અલબત્ત એમના તાબાના પ્રદેશોમાં વસતા યહૂદીઓને એમણે આંતરિક આઝાદી આપી હતી. રોમન સત્તાનો એક અધિકારી શામ પ્રદેશ ઉપર નિયુકત હતો અને એના હાથ નીચે એક હાકેમ ફલસ્તીન પ્રાંતનો હતો. શાસનની વ્યવસ્થા મુજબ યહૂદીઓની ધાર્મિક બાબતોનો ફેસલો તો એમની ધાર્મિક અદાલતમાં કરવામાં આવતો હતો, પણ સજાનું અમલીકરણ સરકારી રીતે રોમન સરકાર મારફતે કરાવવામાં આવતું હતું. આ આધારે હઝ. ઈસા. અલૈ.ને મોતની સજા આપવા માટે સરકારી અદાલતમાં રજૂ કરવામાં આવ્યા.

આ બધી સ્થિતિ જોતાં હઝરત ઈસા અલૈ.ને જાહેરી રીતે એવું લાગે કે સ્વભાવિક છે કે હવે મને સૂળીએ ચડાવી દેવામાં આવશે, એટલે આ સંજોગોમાં એમને શાંત્વના અને તસલ્લી આપવામાં આવે અલ્લાહ તઆલાએ એમને વહી મોકલાવી કે અમે તમને આસમાન ઉપર ઉઠાવી લઈશું.

જયારે હઝ. ઈસા અલૈ.ને સુળીએ ચડાવી દેવાનો ફેસલો થઈ ગયો અને એની તૈયારી થવા લાગી તો અલ્લાહ તઆલાએ એવા ભીડ અને હંગામો થાય એવા હાલાત અલ્લાહ તઆલાએ પેદા કર્યા, અને પછી હઝરત ઈસા અલૈ.ની સુળીએ ચડાવવા માટે નક્કી કરવામાં આવેલ લોકોમાંથી જ એકને હઝ ઈસા. જેવી સૂરતનો બનાવી દીધો અને ચુપચાપ હઝ. ઈસા અલૈ.ને આસમાને ઉઠાવી લીધા. સૂરએ નિસાઅમાં છે કે એમણે હઝ. ઈસા અલૈ.ને ન તો કતલ કર્યા છે ન ફાંસી આપી છે. પણ એમને શંકામાં નાખી દેવામાં આવ્યા. આ જ અલ્લાહની તદબીર છે. જેનું આયતમાં વર્ણન છે.

વર્તમાન ઈસાઈઓનો અકીદો આ છે કે હઝ. ઈસા અલૈ.ને એ વેળા ફાંસી દેવામાં આવી, અને ત્રણ દિવસ પછી તેઓ જીવતા થયા અને પછી આસમાને સિધાવ્યા છે, જે કયામત પહેલાં પાછા આવશે. કુરઆનમાં એમના આ અકીદાનું ખંડન કરવામાં આવ્યું છે.

પછી આયત નં પપ માં હઝ. ઈસા અલૈ.ને આપવામાં આવેલ તસલ્લીનું વર્ણન છે કે અમે તમને આસમાને ઉઠાવી લઈશું.

આ આયતનો એક તરજુમો આવી રીતે પણ કરવામાં આવ્યો છે :

(યાદ કરો) જ્યારે અલ્લાહે ફરમાવ્યું કે હે ઈસા (અલૈ.) ! હું તમને કુદરતી રીતે મૃત્યુ આપીશ અને હમણાં તમને પોતાના તરફ ઉપર ઉઠાવી લઈશ.....

આ આયતમાં કુલ પાંચ વાયદાઓ અલ્લાહ તઆલાએ હઝ. ઈસા અલૈ.ને ફરમાવ્યા છે :

૧. આ રીતે યહૂદીઓના હાથે તમારી મોત નહીં થાય, મોત એના સમયે કુદરતી રીતે આવશે. કયામત પહેલાં હઝ. ઈસા અલૈ. આસમાનેથી દુનિયામાં આવશે અને કુદરતી રીતે મૃત્યુ પામશે.

૨. હાલ તમને આસમાને ઉઠાવી લેવામાં આવશે.

૩. તમને કાફિરોથી દૂર કરીને પવિત્ર રાખવામાં આવશે. આમ એ વેળા એમને આસમાને ઉઠાવી લેવામાં આવ્યા અને પછી છેલ્લે કુરઆન મારફતે બધા ખોટા આરોપો જુઠલાવીને એમની પવિત્રતાને વર્ણન કરવામાં આવી.

૪. તમને નબી માનનાર લોકો (ઈસાઈ – મુસલમાનો)ને કયામત સુધી કાફિરો ઉપર સર્વોપરિ રાખવામાં આવશે. આ ફકત દુન્યવી ઈનામનો વાયદો છે. આખિરતની કામ્યાબી માટે ઈસાઈઓ માટે પણ જરૂરી છે કે હઝ. મુહમ્મદ સલ્લલ્લાહુ અલહિ વ સલ્લમ ઉપર ઈમાન લાવે.

૫. છેલ્લે કયામતના દિવસે લોકો જે બાબતે વિરોધ અને વિવાદ કરે છે એનો ફેસલો કરવામાં આવશે.

હઝ.મવ. દરયાબાદી રહ. લખે છે કે, હઝ. ઈસા અલૈ.નો જન્મ સામાન્ય નિયમ વિરુદ્ધ બાપ વગર થયો હતો તો પછી આમ એમને આસમાને ઉઠાવી લેવામાં આવે તો એ સમજમાં આવનારી વાત છે.

પછી આયત નં ૫૬–૫૭માં અલ્લાહ તઆલા કયામતના દિવસે જે ફેસલો કરશે એની વિગત છે કે, કાફિરોને સખત અઝાબ આપવામાં આવશે અને નેક લોકોને એમનો સવાબ પૂરે પૂરો આપવામાં આવશે.

અને છેલ્લે આયત નં ૫૮માં અલ્લાહ તઆલા ફરમાવે છે કે,

હે મુહમ્મદ ! આ બધી વિગતો તમને કયાંથી ખબર હોય, એ તો અમે તમને સંભળાવીએ છીએ, અને તમે લોકોને બતાવો છો, સદીઓ પહેલાંથી આ બધી વિગત તમને અમે બતાવીએ છીએ, એ તમારા સાચા નબી હોવાની અને ખુદાના પયગંબર હોવાની દલીલ છે. આ બધા પાછલા કિસ્સાઓ આપના મુખે સાંભળીને મદીનાના યહૂદીઓ – ઈસાઈઓએ ઈમાન લાવવું જોઈએ.

---

# મુસલમાનોની વર્તમાન સ્થિતિ
## અને ઉલમા, દીનદારો તેમજ સામાન્ય લોકોના સંબંધો

*હઝરત અકદસ શૈખુલ હદીસ મવલાના ઝકરિયા કાંધવલી રહ.ને એમના કોઈ શાગિર્દે એકવાર મુસલમાનોની તે સમયની (આઝાદી પહેલાં, આઝાદીની લડાઈ ચાલતી હતી ત્યારે) વર્તમાન સ્થિતિ અંગે અમુક સવાલો પૂછયા હતા. આ સવાલો મુસલમાનોની ચડતી પડતી, અંદરોઅંદરના વિખવાદ, ઉલમા, દીનદારો અને સામાન્ય મુસલમાનોની જવાબદારીઓ વગેરે બાબતોને લગતા હતા. અને હઝરત શૈખુલ હદીસ રહ.એ ઘણી સુંદર રીતે દીની – દુન્યવી બન્નેવ પાસાઓને સામે રાખીને જે જવાબો અને ખુલાસાઓ લખ્યા, એ કિંમતી વાતોને કિતાબ સ્વરૂપે 'ઈસ્લામી સિયાસત' અથવા 'અલ એતેદાલ ફી મરાતિબિ રિજાલ'ના નામી કિતાબમાં છાપવામાં આવ્યા છે. આપણી મુસલમાનોની આજની જે વર્તમાન સ્થિતિ છે એ જોતાં આ બધી વાતો આજે પણ એટલી જ કિંમતી છે જેટલી ત્યારે હતી. મારા અમુક વડીલોનો આગ્રહ હતો કે આ બધી વાતો અનુવાદ કરીને અલબલાગમાં પ્રકાશિત કરવામાં આવે, એમના આગ્રહને સામે રાખીને વાચકોને રસ પડે અને વિષયવાર સમજવામાં સહૂલત રહે એવી રીતે એને અત્રે રજૂ કરવામાં આવે છે. અલ્લાહ તઆલાથી દુઆ છે અને આશા છે કે એનાથી લોકોને ફાયદો થશે.* ફરીદ અહમદ.

સલામ મસ્નૂન બાદ. મુહબ્બતભર્યો પત્ર મળ્યો. જે નિખાલસતા અને જોશ સાથે તમે લખ્યું છે એના કારણે વાંચવામાં વધારે આનંદ અનુભવ્યો. આવા પ્રશ્નો તો વાંરવાર લખવામાં અને બોલવામાં આવે છે. પરંતુ મારા કમઝોરી કહો કે સુસ્તી કે કામોનો ભાર.. સામાન્ય પણે પૂછનારને સામે રાખીને ટુંકમાં એનો જવાબ લખી બતાવી દઉ છું. વિગતવાર લખું તો કેટલા લોકોને લખું ? અલબત્ત આ પત્રમાં તમારી નિખાલસતા અને તમારા દર્દને જોઈનું હું વિગતવાર લખવા પ્રેરાયો છું. તમે પણ જોશ કે આવેશ એક તરફ મુકીને શાંત ચિત્તે ધ્યાનથી વાંચજો. એકવાર નહીં, વારંવાર વાંચજો. ફરીવાર કહું છું કે બીજા બધા વિચારો એક તરફ મુકીને વાંચજો, સમજમાં આવે તો સ્વીકારશો અને અનુસરશો. મારા તરફથી કોઈ દબાણ નથી.

મારી સમજ પ્રમાણે તમારા લાંબા પત્રનો ખુલાસો નીચે મુજબની બાબતો છે.

(૧) હઝરત થાનવી રહ. અને હઝરત મદની રહ., બન્નેવ મુખ્લિસ અલ્લાહવાળા બુઝુર્ગો છે, છતાં એમના દરમિયાન આટલો બધો મતભેદ કેમ છે ?

શું દીનદારો અને મુખ્લિસ લોકો વચ્ચે પણ આવો ભારે મતભેદ હોય શકે છે ? (હઝ. થાનવી રહ. મુસ્લિમ લીગના હિમાયતી અને પાકિસ્તાનની સ્થાપનાની તરફેણ કરતા હતા અને હઝ. મદની રહ. અખંડ ભારતના હિમાયતી હતા.)

૨. તમારા મતે આ બેમાંથી કોણ હક ઉપર છે ? અને તમારું મંતવ્ય શું છે ?

૩. અમારે શું કરવું ? મરી જવું ? તમે કોઈ તરફે ભાગ કેમ નથી લેતા ?

૪. મુસલમાન તબાહ થઈ રહયા છે. એમણે શું કરવું જોઈએ ?

૫. આજકાલ સ્વાર્થ અને વ્યકિતગત લાભ વધારે જોવામાં આવે છૈી દરેક માણસ એનો ફાયદો સામે રાખીને ચાલે છે.

૬. ઉલમાની બેઈઝઝતી કરવામાં આવે છે. બેધડક જાહેરમાં એમને ભાંડવામાં આવે છે.

૭. ઉલમાના પરસ્પરના વિરોધથી ઉમ્મતને ઘણું નુકસાન પહોંચી રહયું છે.

આ તમારા પત્રના મહત્વના બિંદુઓ છે. આ બધા પ્રશ્નો વારંવાર સામે આવતા રહે છે. એટલે આ બાબતે મારા વિખરાયેલા વિચારો વિગતવાર લખી રહયો છું. હું જે કંઈ લખીશ એ જ સાચું, હું એવું નથી માનતો. અલબત્ત એટલું જરૂર કહીશ કે ઉપરોકત બાબતો વિશે મારા વિચારો આ મુજબ છે.

પહેલા સવાલનો જવાબ :

મુખ્લિસ લોકો વચ્ચે મતભેદ અને ઈખ્તેલાફ કોઈ નવી કે અયોગ્ય વાત નથી. આવું સદાયે થતું રહયું છે. અને થતું રહેશે. કોઈ સામાન્ય માણસ આવા ઈખ્તેલાફના કારણે બેચેન થાય એ સમજી શકાય છે, પણ તમારા જેવા સમજદાર અને ઈલ્મી દુનિયામાં રહેતા લોકોએ એનાથી પ્રભાવિત કે પરેશાન થવાની કોઈ જરૂરત નથી. હું તો આ બધી બાબતોમાં એટલો શાંત છું કે લખી પણ નથી શકતો.

શવ્વાલમાં હદીસના સબકો શરૂ થાય છે, અને રજબમાં પૂરા થાય છે. આ દસ મહીના દરમિયાન દરરોજ સબકમાં ઓછામાં ઓછા વીસ વાર એવું કહેવાનું થાય છે કે આ મસ્અલામાં ફલાણા ઈમામનો મસ્લક આમ છે, અને ફલાણા ઈમામનો મઝહબ તેમ છે. ફલાણા મસ્અલામાં સહાબા દરમિયાન આટલા કથનો છે અને તાબેઈન માંહે આવો ઈખ્તેલાફ છે.

આવો પરસ્પરનો મતભેદ ઈખ્લાસ માટે અવરોધરૂપ હોય તો પછી આ બધા જ ઈમામો અને સહાબા વગેરેને મુખ્લિસ લોકોની જમાઅતથી બહાર સમજવા પડશે. અને આપણી સમસ્યામાં પણ ઉલમાનો મતભેદ કંઈ એવો ખતરનાક પણ નથી. ટુંક સમય માટે સામે આવેલ એક બાબતમાં એક બુઝુર્ગનું મંતવ્ય છે કે લીગ

સાથે રહેવું મુસલમાનો માટે લાભદાયી છે અને કોંગ્રેસ નુકસાનકારક છે. અને બીજા બુઝુર્ગ એમનાથી ઉલટું કહે છે કે લીગમાં જોડાવું નુકસાનકર્તા છે.

જે સમજદાર માણસ સંજાગો અને પરિસ્થિતિઓ પોતે સમજી શકે છે, શરીઅતના નિયમો અને સ્વભાવથી વાકેફ છે, એના માટે જરૂરી છે કે બન્નેમાંથી જે પક્ષને અમાનતદારી પૂર્વક સાચો સમજતો હોય એનું અનુસરણ કરે. અને જેને સમજ ન પડતી હોય એવો માણસ આ બન્ને બુઝુર્ગો પાસે જઈને બે ચાર દિવસ રોકાણ કરે અને બન્ને બુઝુર્ગોથી પરિચિત થાય અને પહેલેથી પરિચિત હોય તો પછી જેના પ્રત્યે વધારે અકીદત હોય એનું અનુસરણ કરે. બેમાંથી જેનું પણ અનુસરણ કરશે એની હિદાયત માટે પુરતું છે. એમાં લડવા – ઝઘડવાની કોઈ જરૂરત નથી.

અને મારે પુછવું જોઈએ કે આખર આ અકાબિરનો વિવાદ તમને આટલો સખત કેમ લાગે છે ? શું આ ઈખ્તેલાફ જંગે જમલ કરતાં પણ વધારે છે ? જેમાં બન્ને તરફે (સહાબા હતા છતાં) તલવારો ચાલતી હતી. તમે જ બતાવો, એ બન્ને પક્ષોમાંથી કોને મુખ્લિસ હોવાનો ઈન્કાર કરશો ? હઝરત અલી રદિ.નું નામ આવે તો રદિયલ્લાહુ અન્હુ કહેવાનું છે. એમને ખલીફએ બરહક માનવાના છે. અવલિયાના સરદાર કહીએ છીએ. અને હઝરત આઈશહ રદિ.નું નામ આવે તો પણ રદિયલ્લાહુ અન્હા કહેવાનું છે. ઉમ્મુલ મુઅમિનનીન માનવાનાં છે. અને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના સૌથી માનીતાં પત્નિ પણ એમને કહીએ છીએ. કયામત સુધી આ વિવાદ યાદ રહેવાનો છે. પણ તમે ધ્યાનથી સાંભળજો ! તમારા ઉપર મને ઘણો બધો હક – અધિકાર છે એટલે ભારપૂર્વક કહું છું કે આ બન્ને બુઝુર્ગોમાં કોઈ એક વિશે પણ દિલમાં બુરો વિચાર ન કરશો. ખુદા કરે, તમે એવું કરશો તો તમારું નુકસાન છે, એમનું કોઈ નુકસાન નહીં થાય. અમુક લોકો જે આ બન્નેમાંથી કોઈ એકની ગુસ્તાખી કરે છે, મને એમના વિશે ઘણી હેરત થાય છે. એ બુઝુર્ગો તો દિવસ રાત ઈલ્મ વ અમલનો સવાબ પણ મેળવે છે અને આવા ગીબત – ગુસ્તાખી કરનાર લોકોની નેકીઓ પણ પોતાના ખાતામાં જમા કરે છે. અને આ બીચારો એક કહે છે કે મને આ બુઝુર્ગ વિશે નારાજગી છે એટલે મારી ઉમર ભરની કમાણી અને નેકીઓ પણ તમને આપી દઉ છું. આ માણસ પોતે જ પોતાના ઉપર કેટલો ઝુલમ કરે છે. જેમનાથી નારાજ છે એમને જ પોતાની આખી જિંદગીની નેકીઓ આપીને પોતે ફકીર બની રહયો છે અને ગુનેગાર પણ.

હદીસ શરીફમાં છે : નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એકવાર

સહાબા રદિ.ને પૂછ્યું કે, તમારી સમજમાં મુફલિસ માણસ કોણ છે ? સહાબાએ અરજ કરી કે, જેની પાસે માલ ન હોય એ. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : ના, માણસ એવો મુફલિસ નથી. બલકે સાચો મુફલિસ માણસ કયામતના દિવસે ઘણી બધી નેકીઓ લઈને આવશે, પણ દુનિયામાં કોઈના ઉપર ઝુલમ કર્યો હશે, કોઈને ગાળો ભાંડી હશે, કોઈનો માલ છીનવી લીધો હશે, અને કયામતના દિવસે રૂપિયા – પૈસા તો હશે નહીં, એટલે કે ત્યાં બધો હિસાબ – કિતાબ નેકીઓ અને ગુનાહો વડે કરવામાં આવશે. જેમના ઉપર ઝુલમ કર્યો હશે, જેમને ગાળો ભાંડી હશે, એ બધા લોકોને બદલામાં એની નેકીઓ આપી દેવામાં આવશે. અને નેકીઓ પૂરી થઈ જશે તો મઝલૂમ લોકોનો જેટલો હક હશે એ મુજબના ગુનાહો આ ઝાલિમ ઉપર નાખીને પણ હિસાબ તો પૂરો કરવામાં જ આવશે. ખરો 'મુફલિસ' તો બિચારો છે. નમાઝ, રોઝા, અને દીનના કામોની ઘણી બધી કમાણ અને સવાબ લઈને આવશે છતાં છેલ્લે બીજા લોકોના ગુનાહો એણે માથે લેવા પડશે.

મને તાજુબ થાય છે, અલ્લાહ વાળાઓની ગીબત કરવામાં આવે છે, એને બુરું – ભલું કહેવામાં આવે છે, અને ફાસિકો – બદકારોના વખાણ કરવામાં આવે છે, એમનું સન્માન કરવામાં આવે છે. હાલાંકે હદીસ શરીફમાં છે : જયારે કોઈ ફાસિકના વખાણ કરવામાં આવે છે તો અલ્લાહ તઆલા ઘણા જ નારાજ થાય છે અને અર્શ હલી ઉઠે છે.

હું એમ નથી કહેતો કે કોઈના વખાણ જ ન કરવામાં આવે, કોની તારીફ કરી શકાય, કેવી રીતે અને એની શી મર્યાદાઓ છે ? કયારે જાઈઝ – નાજાઈઝ ? એ બધી વિગત પોતાની જગ્યાએ.. પણ સવાલ આ છે કે, આ બેમાંથી કોઈ એક પક્ષને ખોટો માની લેવામાં આવે તો પણ શું યોગ્ય ગણાશે કે એની બીજી ખૂબીઓ કાબેલિયતોનો ઈન્કાર કરી દેવામાં આવે ? શરીઅતમાં આપણને દરેક નાની નાની વાતની તાલીમ આપવામાં આવી છે. અને આપણે દીનદારીનો દાવો કરવાં છતાં એના તરફ ધ્યાન નથી આપતા. જયારે કે બીજી કોમો આ સોનેરી સિદ્ધાંતો અપનાવીને પ્રગતિ કરી રહી છે. સાંભળો ! હું માનું છું કે, બેમાંથી એક તરફે ગલતી છે, અને એવી ગલતી છે કે તમે એને સ્વીકારી જ ન શકો, તો ન સ્વીકારો. કોણ મજબૂર કરે છે. પણ આ બાબતે હઝરત મુઆઝ રદિ.ની વસીય્યત સામે રાખો. એમણે એક નિયમ વર્ણવ્યો છે. અલ્લાહ તઆલા એમના ઉપર રહમત કરે, એમણે કેટલી સુંદર વાત કહી છે, તેઓ ફરમાવે છે :

હું તમને હકીમ (સમજદાર) માણસના વાંકાપણા – ભૂલથી ચેતવું છું. કદી સમજદાર માણસના મુખે શયતાન ગુમરાહીની વાત બોલાવી દે છે. અને કદી મુનાફિકના મોઢે હક વાત બોલાવી દે છે. આ સાંભળીને ત્યાં મોજૂદ એમના શાગિર્દે અરજ કરી કે, અલ્લાહ તમારા ઉપર રહમ ફરમાવે, જો આવું થતું હોય તો પછી મને કેવી રીતે ખબર પડે કે 'હક' શું છે ? તો જવાબ આપ્યો કે, સમજદાર માણસની એવી વાતો જેના વિશે કહેવામાં આવે કે આ કેવી વાત એમણે કહી છે ? એનાથી તમે દૂર રહો. અને ધ્યાન રાખો, આવી વાતોના કારણે તમારે એમનાથી દૂર નથી થવાનું. શકય છે કે એ પોતાની વાત પાછી લઈ લે અને હક વાત કહેવા માંડે. અને હક વાતનું પોતાનું એક નૂર હોય છે.

હઝ. મઆઝ રદિ.ના આ કથનમાં અનેક મહત્વની બાબતો કહેવામાં આવી છે.

(૧) હક વાત કહેનાર દરેક માણસ હકીમ એટલે કે સમજદાર નથી હોતો. કદી મુનાફિક પણ હક વાત બોલી દે છે. માટે ફકત કોઈની ફકત એક વાત સાંભળીને એના અકીદતમંદ કે તાબેદાર બની જવું ખોટું છે. આપણી આદત છે કે કોઈની એક તકરીર સાંભળી અથવા એક લેખ વાંચ્યો અને એના અકીદતમંદ બની જઈએ છીએ. એને સાતમાં આસમાને ઊંચકી લઈએ છીએ. બલકે ઘણીવાર તો કોઈ માણસ વિશે આપણને ખબર હોય છે કે તે બદદીન છે, ફાસિક છે, પરંતુ આપણી મરજી મુજબની વાત કરે છે એટલે એને એવો પાકો દીનદાર ગણાવીએ છીએ, કે અલ્લાહની પનાહ, નુબુવ્વતના નજીક પહોંચાડી દઈએ છીએ. આનું પરિણામ આ છે કે એક માણસ વિશે સવારે આપણે જિંદાબાદના નારા લગાવીએ છીએ અને સાંજે મુર્દાબાદ. હદીસ શરીફ મુજબ એમને 'સવારના મુસલમાન અને સાંજના કાફિર' કહેવામાં આવે તો ખોટું નથી.

(૨) હઝ. મઆઝ રદિ.એ બીજી મહત્વની વાત આ ફરમાવી છે કે, હકીમ માણસ પણ કદી વાંકી વાત કહી દે છે. માટે કોઈ એક આવી વાતના કારણે કોઈના પ્રત્યેની અકીદત છોડી દેવી ખોટી છે.

બન્ને વાતોનો સાર આ છે કે, સહુપ્રથમ માણસની દીનદારી વિશે ઘણી જ ચીવટપૂર્વક તપાસ કરવામાં આવે. જો તે માણસ વધુ પડતી બાબતોમાં શરીઅતનો તાબેદાર હોય અને સુન્નતે નબવીને અનુસરનાર હોય તો બેશક આવો માણસ અનુસરણને લાયક છે. અને જો પૂરી જવાબદારી સાથે કરવામાં આવેલ તપાસમાં એની કોઈ વાત દીનદારી વિરુદ્ધ હોય તો એ વાતને બાજુ પણ મુકી દો. પરંતુ એના કારણે એ બુઝુર્ગ કે હકીમને છોડી દેવામાં ન આવે. શકય છે કે હકીમ તોપોતાની

ભૂલ સુધારી લે અને તમે કાયમ એનાથી મહરૂમ થઈ જાઓ.

હઝરત મઆઝ રદિ.ની વાતનો આ ટુંકો ખુલાસો છે. વિચારીએ તો એમાં ઘણી બધી બધી વાતો બીજી પણ છે.

હવે વર્તમાન સ્થિતિનું આંકલન કરો.

આપણે પોતે કોઈ એક વાતને પોતાની રીતે સહી – સાચી નક્કી કરી લઈએ છીએ, ચાહે ગમે તેવી નાની કે સામાન્ય વાત હોય. પછી જેની તકરીર કે લેખ એ મુજબ હોય તો એના વખાણ કરવા મંડી જઈએ છે. ખોટી રીતે પણ એની તરફેણ કરવામાં આવે છે. એની શરીઅત વિરુદ્ધ હરકતોને પણ અનદેખી કરીએ છીએ, જે ઘણી જ ખતરનાક બાબત છે. એવું હોવું જોઈએ કે હક વાતને હક કહેવામાં આવે અને ગલતને ગલત. અથવા ખામોશ રહીએ. પણ આપણે તો એની હિમાયતમાં એવા આગળ વધી જઈએ છીએ કે, આપણા માનીતા બુઝુર્ગ શરીઅતના જે આદેશો ઉપર અમલ ન કરતા હોય તો શરીઅતના એ આદેશોને જ નકામા સમજીએ છીએ. ત્યાં સુધી કે શરીઅતના જે હુકમને મુસલમાન અને ગેરમુસ્લિમ વચ્ચેની ભેદરેખા ગણવામાં આવી છે એ નમાઝ વિશે પણ એવા શબ્દો બોલવામાં આવે છે કે અત્રે એને લખવાથી પણ તકલીફ થાય છે. કારણ ફકત એટલું જ કે આપણા માનીતા બુઝુર્ગ નમાઝ નથી પઢતા અને આપણે એને યોગ્ય ગણીએ છીએ. નમાઝની મઝાક કરવામાં આવે છે, અને હલકી ગણવામાં આવે છે.

એનાથી વિપરીત કોઈ માણસની વાત આપણા મંતવ્ય અને મતના વિરુદ્ધ હોય તો પછી એની દરેક વાત અને કામ ખોટું. એ માણસમાં સાચે જ જે ખૂબીઓ અને ભલાઈ હોય એ પણ બુરાઈને પાત્ર ગણવામાં આવે છે. શરીઅત મુજબ અને અક્કલ મુજબ પણ દરેક બાબતનું સ્થાન અલગ અલગ છે. અને દરેક બાબતને એના નક્કી સ્થાનથી ઊંચી કે નીચી કરવી જોઈએ નહીં. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે : દરેક માણસ સાથે એના મરતબા પ્રમાણે વર્તો. પણ આપણો સ્વભાવ આવી દરેક બાબતે આરપારનો અને હદથી આગળ વધી જવાનો બની ગયો છે.

---

***દુઆએ મગફિરત.*** જામિઅહના હમદર્દ અને શુભેચ્છક જનાબ મવ. ઈસ્માઈલ નાનાશેઠ દેવલાવાળા,પાછલા દિવસોમાં ઈન્તેકાલ ફરમાવી ગયા. લગભગ ૧૭ કોઠી ખાતે ઈમામતની સેવા બજાવી હતી અને પાછલા એક વરસથી દેવલિયા ખાતે સેવા આપતા હતા. સઘળી ઉમર ઈસ્તેકામત સાથે દીનની ખિદમતમાં પૂરી ફરમાવી. અલ્લાહ તઆલા એમની મગફિરત ફરમાવે. આમીન.

# ઇસ્લામમાં તંદુરસ્તીનું મહત્વ

*તંદુરસ્તી અને બીમારીસંબંધિત*
*ઈસ્લામી માર્ગદર્શનને લગતી અમુક વાતો*

મો'મિન અને તંદુરસ્તી એક સિક્કાની બે બાજુ સમાન છે, જો ઈમાનમાંથી તંદુરસ્તીને દૂર કરી દેવામાં આવે તો ઈમાન પોતે અધુરૂં થઈ જાય છે, મતલબ એ છે કે અમુક કાર્યો – કામો એવા હોય છે, જે ઈમાનની પરિપૂર્ણતા માટે આવશ્યક છે.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે જવાનીની ઈબાદતને ઘડપણની ઈબાદત કરતાં વધુ મહત્વની ગણાવી છે, બીજી એક હદીસમાં છે કે બળવાન મો'મિન કમઝોર મો'મિન કરતા સારો છે. જેનાથી પણ ઈસ્લામમાં તંદુરસ્તી અને શકિતનું મહત્વ સ્પષ્ટ થાય છે.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ કેળવણીકાર અને મુઅલ્લીમ હતા અને કેળવણીકાર – મુરબ્બીનું કામ એ છે કે તેના તાબા હેઠળના લોકોમાં જે ઉણપ હોય તેને દૂર કરે, જેનાથી અજાણ હોય તેની જાણકારી આપે. આપણે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને સંપુર્ણપણે આવા જ મુરબ્બી જોઈએ છીએ, એક ઉદાહરણથી જોઈએ જેનાથી આ બાબત ઉપરાંત તંદુરસ્તીનું મહત્વ પણ સ્પષ્ટ થાય છે :

એક વખતે એક સહાબી રદિ.એ ઊંટની ખુજલી ચેપી હોય છે તે વિશે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને જણાવ્યું, તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે એક ઊંટનો રોગ બીજા ઊંટને લાગ્યો તો બતલાવો કે પહેલા ઊંટને ખુજલી કેવી રીતે થઈ ? સ્વભાવિક વાત છે કે ખુજલી એક બીમારી છે જે ચેપી નથી.

એક વખતે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું :

"لاعدوى ولا طيرة"

ઈસ્લામમાં ચેપ અને શુભ–અશુભની માન્યતા નથી એટલે કે ન તો

"Infection Viral" નો ખ્યાલ ઈસ્લામમાં છે અને ન તો "Becterial Infection" નો ખ્યાલ ઈસ્લામ ધરાવે છે.

અમુક લોકો ઉપર વર્ણવવમાં આવેલ ઉંટ વાળી હદીસથી વિપરીત અન્ય હદીસોને સામે રાખી એ નિષ્કર્ષ વર્ણવે છે કે ચેપ દ્વારા બીમારી ફેલાય છે, આપણે તેને પણ જોઈએ,

એક હદીસનો ખુલાસો આ છે કે કોઢ (જુઝામ) વાળા દર્દીથી એવા નાસો જેમ કે વાઘથી નાસો છો અને બીજી હદીષનો ખુલાસો આ છે કે જયાં પ્લેગ ચાલ્યો હોય ત્યાંથી ન તો બહાર આવો અને ન તો ત્યાં જાઓ.

આ બન્નેવ હદીષો "لاعدوی ولاطیرة" (ચેપ અને શુભ–અશુભ ન હોવા)થી વિપરીત જણાય છે. પરંતુ વાસ્તવામાં બંનેવ બાબતો સાચી છે અને આપણું ઈમાન છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની વાતોમાં વિરોધાભાસ ન હોય શકે. નબી તો જે કંઈ કહે છે તે અલ્લાહ તઆલા તરફથી જ કહે છે .

(૧) પ્લેગ અને કોઢ વિશે આપ સસલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે કદી પણ એવું નથી ફરમાવ્યું કે જો તમો એવું નહી કરો તો પ્લેગ અથવા કોઢના શિકાર થઈ જશો.

(૨) આપ સસલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ઊંટો વિશે ફરમાવ્યું કે એકની બીમારી બીજાને લાગતી નથી.

(૩) માણસનો સ્વભાવ છે કે તે અમુક બાબતે વહેમી બની જાય છે. જેમ કે ઈબ્રાહીમ અલૈ.ને તેમની કૌમ કહેતી હતી કે તમારા પર અમારા ઈશ્વરોની નારાજગીનો અસર થઈ ગયો છે. મક્કાના કાફિરો બીમારી અને તંદુરસ્તીને તેમની મુર્તિઓની ખુશી અથવા ગમીનું પરિણામ સમજતા હતા. ઈસ્લામે આ બધા વહેમોને દૂર કરવા માટે તકદીર ઉપર ઈમાન જરૂરી ઠેરવ્યું, ચાહે સારૂં હોય કે બુરૂં હોય અલ્લાહ તઆલા તરફથી જ છે.

આટલી વાતો સામે રાખીને કહી શકાય કે સામાન્ય રીતે બધાનું ઈમાન મજબૂત હોતું નથી, તેથી જો આવા માણસો કોઢ અથવા પ્લેગવાળા સાથે હળે મળે અને બીમારીમાં સપડાય તો તેઓ એમ માની લે કે તેમને

મળવાના કારણે અમે આ બીમારીના ભોગ બન્યા છે, જો અમે તેમને ન મળત તો અમને આ બીમારી ન લાગત. તેથી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે કોઢ અને પ્લેગ વિશે આ પ્રમાણે કહ્યું. (અલ્લાહ પાક વધુ જાણનાર છે)ઉપરાંત કોઈ થઈ ચૂકેલી ઘટના બાબત 'જો' – 'તો' કરી એના થવા ન થવા વિશેની શકયતાઓ વિચારવી તકદીરથી વિરૂધ્ધ છે.

ઈસ્લામે એવો કોઈ કાનૂન કે રીત કે તરીકો નથી બતાવ્યો જેનાથી બીમારીથી હમેંશા બચી શકાય, જો એવું હોત તો અંબિયા અલૈ. કદી બીમાર પડત નહી અને ન તો તેમના ઘરના માણસો બીમાર પડત. પરંતુ હઝરત ઈદ્રીસ અલૈ. કોઢના ભોગ બન્યા, હઝરત ઝકરીયા અલૈ.ની ઓરતને અવલાદ ન હતી, અને ખુદ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ૬૩ વર્ષની ઉમરના થયા તો એટલા કમઝોર થઈ ગયા કે નમાઝ ન પઢાવી શકયા, વગેરે....

હા ! આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એવું જરૂર ફરમાવ્યું છે કે ઈલાજ કર્યા કરો, કેમ કે કોઈ બીમારી એવી નથી કે જેનો ઈલાજ ન હોય, બીમારી દૂર કરવાનો માલિક અલ્લાહ છે.

ઈસ્લામે જીંદગીમાં એવી વાતોની પ્રેરણા આપી છે કે જેથી માણસ બીમારીઓથી બચી શકે છે. જેમકે,

(૧) પાકી : એના વગર નમાઝ હજ્જ વગેરેને હરામ કરી દેવામાં આવી, પેશાબ, પાખાના પછી સફાઈ, હૈઝ અને નિફાસની હાલતમાં શરીરની તંદુરસ્તીની શિખામણ, ખાવા–પીવાના વાસણોની સફાઈ વગેરેની તાકીદ કરવામાં આવી છે.

(૨) ખોરાક : ખાવા પીવામાં અમુક વસ્તુઓને જાઈઝ અને અમુકને હરામ ઠેરવી, દુધ અને ઘીના ઉપયોગ પર ભાર આપવામાં આવ્યો છે. અને દારૂ અને નશા માટે નાખવામાં આવતી વસ્તુઓને હરામ કરવામાં આવી છે, હલાલ જાનવરો બતાવી દેવામાં આવ્યા અને ભુંડ કુતરા વગેરે જાનવરોને હરામ બતાવ્યા.

(૩) શાદી : શાદીને ઈમાનને સંપૂર્ણ કરવા માટે એક આવશ્યક

બાબત ઠેરવવામાં આવી, અન્યથા રોઝાની તલકીન કરવામાં આવી, સમલૈંગિક પરાયી સ્ત્રીઓથી સંબંધ બાંધવાને હરામ કરવામાં આવ્યો, ફકત પહેલી નજરથી જોવાને માફ કરવામાં આવી અને બીજીવાર જોવાને હરામ, ગુનો ગણવામાં આવ્યો છે.

(૪) કપડાં : શરીરના અમુક ભાગોને છુપાવવા અતિઆવશ્યક (ફરજ) ઠેરવીને વસ્ત્રોને પહેરવા જરૂરી કર્યા, પોશાક શરીરને છુપાવનાર અને ઢીલો હોવાનું સુચન કરવામાં આવ્યું.

(૫)દફન :મય્યિતને ગુસલ કરાવી દફન કરવાનો આદેશ આપ્યો. વિ.

એ ઉપરાંત નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે તંદુરસ્ત રહેવા માટે પાયાના આદર્શો બતાવ્યા જેના પણ અમલ કરવાથી માણસ આવનાર બીમારીઓને રોકી શકે છે. ખાવા બાબત હદીસ શરીફમાં કહેવામાં આવ્યું છે કે પેટના ત્રણ ભાગ કરી ખાઓ, એક ખાણાનો, એક પાણીનો અને એક ભાગ ખાલી રાખો. બીજી એક હદીસમાં છે કે પેટ ભરીને ન ખાઓ બલકે કંઈક ભુખ બાકી હોય એટલે ખાવાથી ઉઠી જાઓ.

આ બધું છતાં પણ અલ્લાહ તઆલા બીમાર કરવા ચાહે તો કરી શકે છે, માટે જો માણસ બીમારીમાં સપડાય તો એના પર સબ્ર કરવો જોઈએ, સબ્ર કરવું ગુનાહ માફ કરાવવામાં મદદરૂપ છે.

તંદુરસ્તી પ્રત્યે આટલા ઉચા અને વધારે માર્ગદર્શનથી સાબિત થાય છે કે માણસ તંદુસ્ત રહેવા ચાહે તો તેને ઈસ્લામે બતાવેલ આદર્શોનું પાલન કરવું જરૂરી છે અને તેથી જ કહી શકાય કે મો'મિન અને તંદુરસ્તી એક સિક્કાની બે બાજુ સમાન છે.

જામિઅહના રુકને શૂરા, યુ.કે. નિવાસી જનાબ મવ. ઈકબાલ ઈસ્લામપૂરી સાહેબના સસરા, જનાબ ઐયૂબભાઈ કાપડીયા સા. આછોદ મુકામે ઈન્તેકાલ ફરમાવી ગયા. ઈન્નાલિલ્લાહ. જનાબ મવ. ઈસ્લામપૂરી સા.ની ખિદમતમાં જામિઅહ પરિવાર તરફથી તઅઝિયત પેશ છે. અને દુઆ છે કે અલ્લાહ તઆલા મરહૂમની મગફિરત ફરમાવે. અને સગાઓને સબ્રે જમીલની તોફીક આપે. આમીન...

# જામિઅહને સદમો

**અમીરે તબ્લીગ હાજી અબ્દુલ વહહાબ રહ.**

અહલે સુન્નત વ લ જમાઅત દેવબંદી મસ્લકની મશ્હૂર દીની દાવતી આલમી ચળવળ ''દઅવત વ તબ્લીગ''ના મોભાના જિમ્મેદાર, રાઈવન્ડ, પાકિસ્તાન, તબ્લીગી મરકઝના ચોથા અમીર મઅરૂફ શખ્સિયત અને બુઝુર્ગ હાજી અ. વહહાબ સાહબ (રહ.) ગત દિવસોમાં તા. ૧૮ નવેમ્બર, ૨૦૧૮ ઈસવી મુતાબિક ૯ રબીઉલ અવ્વલ ૧૪૪૦ રવિવારે ઈન્તેકાલ ફરમાવી ગયા. ઈન્નાલિલ્લાહ..

૧૯૨૩માં દિલ્હી ખાતે હાજી સાહબ (રહ.) નો જન્મ થયો હતો. આપનું મૂળ વતન ગમથેલા (કરનાલ–અમ્બાલા) હતું, ભારતના ભાગલા વખતે આપ હિજરત ફરમાવી પાકિસ્તનના ટોપીયાવાલા ખાતે સ્થાયી થયા હતા.

હાજી સાહબનો ઈસ્લાહી તઅલ્લુક હઝરત મવલાના અ.કાદિર રાયપૂરી (રહ.)થી હતો. ૧૯૯૪ માં તબ્લીગી મરકઝ બસ્તી હઝરત નિઝામુદીન ખાતે તબ્લીગી ચળવળના સ્થાપક હઝરત મવલાના ઈલ્યાસ કાંધલવી (રહ.)ની સેવામાં હાજરી આપી એવા પ્રભાવિત થયા કે પોતાનું જીવન દીની સેવાઓ માટે સમર્પણ કરી દીધું. પાકિસ્તાન ખાતે હાજી મુહમ્મદ કુરૈશી, હાજી મુ.બશીર તેમજ મવલાના શાહ ઝાહિર સાહબ (રહ.) પછી ચોથા નંબરના અમીર બનાવવામાં આવ્યા હતા.

હાજી સાહબ તબ્લીગી જમાઅતના જૂના અને જાણિતા ઝિમ્મેદાર હતા, દીને ઈસ્લામની તબ્લીગમાં જીવન સમર્પિત કરીને કીમતી ખિદમતો આપ રહ.એ આપી છે. આપે તબ્લીગ ચળવળના ત્રણેવ અમીર હજરતજી મવલાના ઈલ્યાસ સા. (રહ.), મવ. યુસૂફ સા. (રહ.) અને મવ. ઈન્આમુલ હસન સા. (રહ.)ની સુહબત પ્રાપ્ત કરી દઅવતો તબ્લીગની હકીકત સમજી ચૂકયા હતા.

હઝરત મવલાના ઈન્આમુલ હસન કાંધલવી (રહ.)ની વફાત વખતે જયારે શૂરાઈ નિઝામ સ્થાપિત કરવામાં આવ્યો તો આપને આલમી શૂરાના રુકન બનાવવામાં આવ્યા હતા. ૧૯૪૪ થી ૨૦૧૮ સુધી સતત ૭૦ વર્ષ સુધી તબ્લીગી ખિદમાતમાં તન, મન અને ધન સાથે પરોવાયેલા રહયા. આટલો લાંબો ગાળા સુધી એક જ કાર્યપ્રવૃતિમાં જોડાયેલા રહેવું કોઈ મઅમૂલી વાત

નથી, બલ્કે આપની મકબૂલિયતની નિશાની છે.

હાજી સાહબ (રહ.) છેલ્લા ઘણા સમયથી બીમાર હતા, છતાં દીની સેવામાં પરોવાયેલા રહેતા હતા. આપની ઝાતથી દુનિયાભરના લોકોને ફૈઝ પહોંચ્યો હતો. ખરેખર આપની વફાતથી દુનિયાભરના મુસ્લિમોને દુઃખ થયું છે. અલ્લાહ તઆલા હાજી સાહબની મગફિરત ફરમાવે અને ઉમ્મત મુસ્લિમહને એમના સ્થાને એમનાથી વધુ સેવા કરનારા અનેક ખાદિમો નસીબ ફરમાવે.

***જનાબ હઝરત મવલાના અબ્દુર્રશીદ બસ્તવી રહ.***

મહાન આલિમ, વિદ્વાન, લેખક અને ઉસ્તાદે હદીસ જનાબ હઝરત મવલાના અબ્દુર્રશીદ બસ્તવી રહ. પાછલા દિવસોમાં ઈન્તેકાલ ફરમાવી ગયા. આપ રહ. દારૂલ ઉલૂમ દેવબંદના વિદ્વાન ફાઝિલ – આલિમ હતા. અમુક વરસો સુધી માદરે ઈલ્મી દારૂલ ઉલૂમમાં સેવા આપ્યા પછી લગભગ ૨૨ વરસથી દેવબંદ ખાતે જ જામિઅહ ઈમામ મુહમ્મદ અનવર શાહમાં સદર મુદર્રિસ તરીકે સેવા બજાવતા હતા અને બુખારી શરીફ જેવી મહાન કિતાબનો દર્સ આપતા હતા. અનેક કિતાબોના લેખક, અનુવાદક અને સંપાદક હતા. અરબી અને ઉર્દૂ ભાષા ઉપર સારું પ્રભુત્વ ધરાવતા હતા. સાથે જ ભારતીય ઉપખંડના ઈસ્લામી ઈતિહાસ ઉપર પણ બહોળી જાણકારી ધરાવતા હતા.

જામિઅહ જંબુસર સાથે પણ નિકટનો સંબંધ ધરાવતા હતા. તલબાની અંજુમનોના જલ્સાઓમાં પધારતા હતા અને જામિઅહના તલબા તેમજ ઉસ્તાદો સાથે મિત્રભાવે વિચારોની આપલે કરતા હતા. ગુજરાત કે મુંબઈની સફર હોય તો પોતે જ જામિઅહ માટે સમય ફાળવીને પધારતા હતા. રાબેતએ અદબે ઈસ્લામી ગુજરાત શાખા તરફથી યોજવામાં આવેલ પ્રથમ સેમીનારમાં રજૂ કરવામાં આવેલ ઉલમાએ ગુજરાતની સેવાઓ વિશેના લેખો સાર – સંકલન કરવાની જવાબદારી એમને આપવામાં આવી હતી, આપ રહ.એ જામિઅહ જંબુસરમાં એક સપ્તાહ રોકાયને સુંદર રીતે આ કામને અંજામ આપ્યું હતું. ત્યાર પછી અન્ય એક નિંબધ સ્પર્ધામાં આવેલ લેખોને તપાસવાની જવાબદારી પણ એમણે નિભાવી હતી.

વફાતના બરાબર એક સપ્તાહ પહેલાં જ તડકેશ્વર પધાર્યા હતા અને પરત ફરતી વેળા મેડીકલ તપાસના મકસદે જ જામિઅહમાં રોકાયા હતા.

ડોકટરી તપાસમાં આપની સ્થિતિ નાઝુક જ હતી, અલબત્ત આપ રહ. અત્રે સારવાર માટે રહેવા તૈયાર ન હતા અને પોગ્રામ મુજબ દેવબંદ સિધાવી ગયા. કુદરતનું કરવું કે અઠવાડિયા પછી જ જુમ્અહના મુબારક દિવસે એમનો ઈન્તેકાલ થઈ ગયો. ઈન્નાલિલ્લાહ. અલ્લાહ તઆલા મરહૂમની મગફિરત ફરમાવે. જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન નસીબ ફરમાવે. એમની તાલીમી – તરબિયતી સેવાઓ કુબૂલ ફરમાવીને સદકએ જારિયહ સ્વરૂપે એનો સવાબ એમના માટે કયામત સુધી જારી ફરમાવે. આમીન.

*જનાબ હાજી ઉમર આબોવત રહ.*

પાછલા દિવસોમાં બલેશ્વર, જિ. સુરત ખાતે સુરતી વહોરા બિરાદરીના આગેવાન અને સામાજિક કાર્યકર, ઈલ્મ અને ઉલમાના દોસ્ત– મદદગાર, નેકદિલ અને સખીદિલ સજ્જન જનાબ ઉમરભાઈ આબોવત અલ્લાહની રહમતે પહોંચી ગયા. મરહૂમ ઉમર ભાઈ રહ. એનકાનેક ખૂબીઓના માલિક હતા. બિરાદરીની સામાજિક સંસ્થાઓમાં સક્રિય રહીને સામાનિક રચનાત્મક કાર્યો કરવા ઉપરાંત વ્યકિતગત રીતે પણ એનકાનેક દીની – મિલ્લી સેવાઓ ચુપચાપ અંજામ આપતા હતા. પાકા દીનદાર હતા. બુઝુર્ગો અને અકાબિરીની સાથે મુહબ્બત અને અકીદતનો સંબંધ ધરાવતા હતા. ડાભેલ જામિઅહ ઉપરાંત અનેક મદરસાઓ અને બુઝુર્ગો સાથે સંબંધ ધરાવતા હતા. જામિઅહના રુકને શૂરા અને સરપરસ્ત હઝ. અકદસ મુફતી અહમદ ખાનપૂરી સા. દા.બ. સાથે વિશેષ અકીદતનો સંબંધ હતો. બુઝુર્ગો ઉપરાંત યુવાનો સાથે પણ મિત્રતા કેળવીને એમને માર્ગદર્શન આપતા હતા. પોતે અનુભવી વડીલ હોવા છતાં યુવાન ઉલમા સાથે બે તકલ્લુફ રહેતા હતા.

જામિઅહ જંબુસર સાથે દિલનો સંબંધ રાખતા હતા. શરીરે સાથ આપ્યો ત્યાં સુધી વરસમાં અનેકવાર અને રમઝાનમાં ખાનકાહમાં વિશેષ સ્વરૂપે તશરીફ લાવતા હતા. જામિઅહમાં પધારતા તો જામિઅહ માટે કંઈકને કંઈ સહાય લઈને આવતા, અને ઘણો જ બેતકલ્લુફ જૂનો સંબંધ હોવા છતાં કદી સીધી રીતે મોહતમિમ સાહેબને કંઈ આપતા પણ નહીં અને ઉલ્લેખ પણ કરતા નહીં. બીજા કોઈ જિમ્મેદારને, વધુ પડતા મવલાના ઈકબાલ ફલાહી સા. દા.બ.ને પોતાની રીતે મળતા અને હિસાબ કિતાબ કરી લેતા હતા.

અલ્લાહ તઆલા મગરિફત ફરમાવે. એમની દીની – કોમી તમામ

સેવાઓને કુબૂલ ફરમાવે અને જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા ફરમાવે. સગાઓને સબ્રે જમીલ અતા કરે અને એમની વફાત પછી પણ એમની બરકતોથી એમને મહરૂમ ન કરે અને વાલિદના નેક રસ્તે ચાલવાની પણ તોફીક આપે. આમીન.

***મુરબ્બી જનાબ હાજી મુહમ્મદભાઈ મુન્શી રહ.***

ખામોશ ખાદિમ, દીન – દુન્યાના દાનવીર, ભરૂચ જિલ્લાના મુસ્લિમ સમાજને તાલીમ અને શિક્ષણની નવી રાહ અને ઊંચા શિખરે પહોંચાડનાર વડીલ અને આગેવાન જનાબ મુહમ્મદ ભાઈ મુન્શી સાહેબ પણ પાછલા દિવસોમાં અલ્લાહની રહમતે પહોંચી ગયા. ઈન્નાલિલ્લાહ.

આપ રહ. કોમ અને સમાજ માટે સાચી લાગણી ધરાવતા હતા. મોટામાં મોટી કુરબાની આપવાની હિમ્મત ધરાવતા હતા અને દીર્ઘદષ્ટા પણ હતા. કોમના વડીલ અને રાહબરને છાજે એવી બધી ખૂબીઓ પોતાના અંદર ધરાવતા હતા. માલ – દોલતને ખર્ચ કરવાનો જઝબો હતો તેમજ કયાં ખર્ચ કરવો અને કેવી રીતે ખર્ચ કરવો એની પણ કોઠાસૂઝ ધરાવતા હતા. મોટા મદરસાઓ દારૂલ ઉલૂમમાં પણ લાખો કરોડો આપતા હતા તો આપની સખાવત સ્કૂલો અને શૈક્ષણિક સંસ્થાનોની પણ જીવાદોરી સમાન હતી. ગરીબો, યતીમો અને બેવાઓની મદદ કરતા હતા. મોટી વાત આ છે કે સ્થાનિક સ્તરે સામાજિક આગેવાની કરતા ઘણા લોકોની આગેવાની પાછળ આપ રહ.ની સખાવત છુપાયેલી હોતી, પણ આપ રહ. ખામોશ ખિદમતને જ પસંદ કરતા હતા.

ભરૂચ શહેર અને જિલ્લો તો દીની – દુન્યવી તાલીમ ક્ષેત્રે આપ રહ.ની સખાવતના સદાયે એહસાનમંદ રહેશે. જામિઅહ જંબુસરના શુભેચ્છક અને સહાયક હતા અને એની સંલગ્ન સેવાઓની કદર કરતા હતા. અલ્લાહ તઆલા આપ રહ.ની મગફિરત ફરમાવે. જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા ફરમાવે. એમની નેકીઓને કુબૂલ ફરમાવીને સદકએ જારિયહની સવાબ કયામત સુધી જારી ફરમાવે. એમના શરૂ કરેલા એમના નેક કામોને એમની ઈચ્છા મુજબ બાકી રાખે. સગાઓને સબ્રે જમીલ અતા ફરમાવે અને એમના નેક રસ્તે ચાલવાની તોફીક અતા ફરમાવે. આમીન.

———————————————

## શરઈ માર્ગદર્શન
# ફતાવા વિભાગ

મવ. મુફતી અસ્જદ
દેવલ્વી સાહેબ
તસ્દીક કર્તા
મવ. મુફતી અહમદ દેવલા
સદર મુફતી જામિઅહ જંબુસર

### એક ઇન્વેસ્ટમેન્ટ સ્કીમ અને વર્કીંગ પાર્ટનરશીપના શરઈ નિયમો

સવાલઃ અમારી કંપનીમાં પ્લાન નં. ૧ લમસમ કન્ટ્રીબ્યુશન (સિંગલ રોકાણ એક જ વાર છે, જેમાં અમે લોકો પાસેથી રૂ. ૫૦૦૦ થી રૂ. ૧ લાખ સુધી કે એક લાખથી વધુ મૂડી રોકાણ કરીએ છે. રોકાણ કરનારને અમે કંપનીના નફામાંથી વહીવટ ખર્ચ બાદ કરી જે નફો મળે છે, તે નફો સરખા ભાગે વહેંચીએ છીએ, તેમાંથી ૧ ભાગ નફાનો બોનસ તરીકે ઉમેરી સહુને સરખા ભાગે વહેંચી આપીએ છીએ, મૂડી રોકાણના પ્રમાણમાં પાકતી મુદતે.

દા.ત. કોઈ વ્યકિત રૂ. ૧૦,૦૦૦ (દસ હજાર) નું રોકાણ કરે છે. પહેલા વર્ષે : રૂ. ૧૦,૦૦૦ મૂડી, + રૂ ૧૫૦૦ નફો, + રૂ.૫૦૦ બોનસ = ૧૨૦૦૦ બીજા વર્ષે : રૂ. ૧૨ ૦૦૦ + ૧૪૪૦ નફો + ૪૮૦ બોનસ = ૧૩૯૨૦ રૂ. ત્રીજા વર્ષે : રૂ. ૧૩૯૨૦ + ૧૩૯૨ નફો + ૮૩૫ બોનસ = ૧૬૧૪૭ મૂડી સાથેની રકમ, ૧૦,૦૦૦ મૂડી (એમ) કુલ ૬૧૪૭ રૂ. ત્રણ વર્ષનો નફો.

(૨) અમારી કંપનીમાં પ્લાન નં. ૨ રીકરીંગ (લમસમ કન્ટ્રીબ્યુશન સ્કિમ છે, જેમાં અમે લોકો પાસેથી રૂ. ૧૦૦ થી લાખ રૂપિયા સુધીકે એથી વધુ રકમ અમારી કંપનીમાં રોકાણ કરે છે. તેને અમે કંપનીના નફામાંથી વહીવટ ખર્ચ બાદ કરી જે નફો મળે તો નફો સરખા ભાગે સહુની વચ્ચે એમના મૂડીના રોકાણના પ્રમાણમાં પાછો આપીએ છીએ, એમની પાકતી મુદતે.

દા.ત. એક વ્યકિત દર મહીને રૂ. ૧૦૦ નું રોકાણ કરે છે, પહેલું વર્ષ : ૧૦૦ × ૧૨ = ૧૨૦૦ (૧ વર્ષ) + નફો ૧૨૫ = રૂા. ૧૩૨૫ બીજું વર્ષ : ૧૨૦૦ +૨૫૨૫ + ૫૦૦ નફો =૩૦૨૫ / ત્રીજુ વર્ષ : ૧૨૦૦ = ૪૨૨૫ + ૬૩૩ નફો = ૪૮૫૮ / ટોટલ : ૧૨૦૦ × ૩ વર્ષ = ૩૬૦૦ + ૧૨૫૮ નફો ત્રણ વર્ષમાં.

નોંધ : જે વ્યકિત અમારી કંપનીમાં રોકાણ કરે છે, તે વ્યકિત નફા અને

નુકસાનમાં ભાગીદાર છે.
(૩) માર્કેટીંગ ડેવલપમેન્ટ એલાઉન્સ સ્ટ્રકચર (M.D.A.) અમારી કંપનીમાં જે ૧૦ હોદ્દા આપવામાં આવેલા છે, એજન્ટથી લઈને ડેવલમેન્ટ એડવાઈઝટ સુધીના જે માણસ જે હોદ્દા પર છે એની સાથે ટકાવારી પ્રમાણે તેમનું મહેનતાણું નકકી કરેલ છે. એ પ્રમાણે એમનું મહેનતાણુ આપવામાં આવશે.

જવાબ:حامدا ومصليا و مسلما

સવાલમાં હલાલ કારોબારની કંપનીની સ્થાપના માટે આપે જે માળખું રજૂ કર્યુ છે, તેનાથી માલૂમ પડે છે કે આપ લોકો પાસેથી વિવિધ રીતે નાંણાનું ભંડોળ ભેગું કરી વેપાર કરવા માંગો છે, જો વાસ્તવિકતા આવી જ હોય તો સદર સૂરત શરઈ દ્રષ્ટ્રિએ "મુઝારબત" (વર્કિંગ પાટનરશીપ)ની છે, જેમાં એક માણસ બીજા માણસ પાસેથી વેપાર અર્થે નાણાં લે છે અને વેપારના પરિણામ સ્વરૂપે પ્રાપ્ત થતા નફામાં બંને પરસ્પર નિયત કરવામાં આવેલ નિયમ મુજબ ભાગીદાર ગણાય છે, આમાં પૈસાનું રોકાણ કરનાર અને પૈસા વેપાર અર્થે લેનાર બંને એકથી વધુ પણ હોય શકે છે. વેપારનો મઝકૂર પ્રકાર નીચેના ધારા – ધોરણો આધિન દુરૂસ્ત લેખાશે.

(૧) મુઝારબત (વર્કિંગ પાટનરશીપ) ના બંને પક્ષો (કંપનીનો સ્થાપક તથા પૈસા આપનાર) વકીલ બનવા – બનાવવાની લાયકાત ધરાવતા હોય. (૨) લોકો પાસેથી લેવામાં આવેલ મૂડી રૂપિયા – પૈસાના સ્વરૂપમાં હોય. (૩) મૂડી નકદ હોય ઉધાર ન હોય. (૪) પૈસા આપનાર ધારકે જે તે રોકાણ માટે નકકી થયેલ રકમ વર્કિંગ પાટનર કંપનીને સુપ્રત કરી આપી હોય. (૫) રોકાણ માટેની રકમ નકકી હોય. (૬) વેપારના લઈ પ્રાપ્ત થતા નફામાં જ બંને પક્ષો કિંવા પૈસા આપનાર – રબ્બુલમાલ અને લેનાર કંપની – મુઝારિબ બંને ભાગીદાર હોય. (૭) એવી જ રીતે જરૂરી છે કે પ્રાપ્ત થતા નફામાંથી કોઈ ચોક્કસ રકમ દા.ત. વાર્ષિક, માસિક, ત્રિમાસિક ૧૦૦૦, ૨૦૦૦ કોઈ પક્ષ માટે નકકી કરવામાં ન આવી હોય, બલકે નફામાં ભાગીદારી નફાની વહેંચણી મુઝારિબ – કંપની તેમજ મૂડી રોકાણો વચ્ચે ટકાવારીના ધોરણે કરવામાં આવી હોય.

ઉપરોકત શર્તોને અનુસરી કોઈ પણ જાઈઝ વસ્તુની પ્રોડકશન અને એના

વેપાર માટે વર્કિંગ પાટનરશીપના સ્વરૂપે લોકોના પૈસાનું રોકાણ કરી શકાય છે. આ સાથે રજૂ કરેલ માળખામાં નીચેની વાતો ધ્યાન પાત્ર છે.

(૧) કંપનીના સંચાલન માટે જે હોદ્દેદારોની નિયુકતિ થશે તેઓ આપ સાથે કંપનીના મેનેજમેન્ટમાં શામેલ હોય તો, એ બધાની હેસીયત પણ મુઝારિબ – વર્કિંગ પાટનરની રહેશે અને જો આમ ન હોય, બલકે તેઓની માત્ર કામ – મેહનત અર્થે જ નિયુકતિ કરવામાં આવી હોય, તો તેઓની સ્થિતિ અજીર – મજૂરની ગણાશે, તેઓને ચોક્કસ પગાર મહેનતાણા પેટે આપવાનો રહેશે અને આ ખર્ચને વહીવટી ખર્ચમા શોમલ કરી લેવામાં આવશે, આપે સવાલમાં આ બાબતની ચોખવટ કરી નથી. માટે ઉપરોકત બાબતનો વિશેષ રૂપે ખ્યાલ રાખવામાં આવે.

(૨) એવી જ રીતે સવાલમાં નફાનું પ્રમાણ અસ્પષ્ટ છે કે મુઝારિબ – વર્કિંગ પાટનર (એક હોય કે અનેક) નો નફામાં કેટલા ટકા હિસ્સા રહેશે, જયારે કે સદર વેપારની રીતના દુરૂસ્ત થવા માટે જરૂરી છે કે નફાનું પ્રમાણ હિસ્સાથી નકકી કરી આપવામાં આવ્યું હોય, બલકે આપે જે વ્યકિતના રોકાણ દ્વારા થતા નફાનું કોષ્ટક રજૂ કર્યુ છે તે તો એવું દર્શાવે છે કે મૂડી રોકાણકારનો નફો જાણે ફિકસ છે, જયારે કે આ પ્રમાણેથી નફાનું નકકી કરવું દુરૂસ્ત નથી. જેમકે ઉપરોકતમાં વર્ણન કરેલ શર્તોમાં આની ચોખવટ આવી ગઈ, માટે જો વાસ્તવિકતા આવી જ હોય તો સદર મુઆમલાને સહીહ કરવા માટે જરૂરી છે કે બન્ને પક્ષો વચ્ચે નફાની વહેંચણીનું પ્રમાણ ટકાથી નકકી કરી લેવામાં આવે, દા.ત. મુઝારિબ (વર્કિંગ પાટનર) માટે નફાનો ૪૦ % હિસ્સો અને રોકાણકારો માટે ૬૦ % હિસ્સો.

(૩) સદર વેપારમાં નુકસાન થવાની સૂરતમાં તેને વસૂલ કરવાની રીત નીચે મુજબ રહેશે.

સર્વ પ્રથમ નુકસાનની ભરપાઈ નફાથી કરવામાં આવે અને જો નફાથી ભરપાઈ ન થઈ શકે તો નફાથી અધિક નુકસાનને અસલ મૂડીમાંથી વસૂલ કરવામાં આવે, દા.ત. લોકો પાસેથી ૫૦,૦૦૦ રૂ. વેપાર અર્થે લેવામાં આવ્યા અને આગળ વેપારમાં એટલુ જ નુકસાન થયું તો નુકસાનની ભરપાઈ નફાના આવ્યાથી કરી દેવામાં આવે અને જો ૫૦૦૦૦ રૂા. નું નુકસાન થયું. તો ૨૫૦૦૦ નફામાંથી વસૂલ કરવામાં આવશે અને બાકીના આવ્યાને અસલ

મૂડીમાંથી વસૂલ કરવામાં આવશે.

(૪) રજૂ કરવામાં આવેલ શર્તોમાંથી એક શર્ત છે કે મૂડી ચોકકસ અને નકદ હોવી જોઈએ, માટે પ્લાન નં. ૨ માં દર મહીને જેટલી રકમ વસૂલ કરવામાં આવે, તે પ્રમાણે જ મૂડી રોકાણ હોવું જોઈએ આ પ્રમાણે કરવું દુરૂસ્ત નથી કે દરેકના માટે માસિક હપ્તા દ્વારા વર્ષમાં જમા થતી નિયત રકમનું પહેલેથી જ રોકાણ કરી લેવામાં આવે અને તેને હપ્તા દ્વારા વસૂલ કરવામાં આવે. કારણ કે મૂડીની નિયત રકમમાંથી બધી નકદ નથી.

(૫) મુઝારબત–વર્કિંગ પાટનરશીપના સોદાને બંને પક્ષોમાંથી દરેક કોઈ પણ સમયે સોદો ખતમ કરી શકે છે, કેવળ આટલી જ શર્ત છે કે સોદાના કેન્સલ કરવાની જાણ બીજા પક્ષને કરી આપવામાં આવે, જો વેપારનો માલ નકદ સ્વરૂપે હોય અને મૂડી પર નફાની ઉપજ પણ જઈ હોય તો આવી સૂરતમાં શર્ત મુજબ નફાની વહેંચણી કરી લેવામાં આવે, પરંતુ જો વેપારનો માલ નકદ સ્વરૂપે ન હોય તો મુઝારિબ–વર્કિંગ પાટનર કંપનીને મઝકૂર અમાનત ને વેચી નકદમાં રૂપાંતર કરે ત્યાં સુધી મોકો (મેહતલ) આપવામાં આવશે, જેથી કરી વાસ્તવિક થયેલ નફો નકકી થઈ શકે.

(૬) મુઝારબત–વર્કિંગ પાટનરશીપનો મુઆમલો ચોકકસ મુદત માટે પણ અસરકારક નિવડી શકે છે કે જે તે ચોકકસ મુદત પૂર્ણ થયે મુઝારબત (સોદો) સ્વયં કેન્સલ થઈ જાય, દા.ત. એક વર્ષ માટે મઆમલો કરવામાં આવે તો વર્ષ પુરુ થયે વિના નોટીસે તે મુઆમલો ખતમ થઈ જશે.

(શર્હુલ મજલ્લહઃ ૨ / ૭૪૪) – ૭૫૮ , કામુસુલ ફિકહ : ૫ / ૧૧૭ , ૧૧૮,
આલમગીરી : ૪ / ૨૯૬, ઈસ્લામ ઔર જદીદ મઆશી મસાઈલ : ૫ / ૪૬)

આપે રજૂ કરેલ કંપનીના વેપારની રીત ઘણી જ ટુંકમાં છે આપ સવિસ્તાર રજૂ કરતે તો ઘણુ સારુ હોત, અલબત્ત આપે રજૂ કરેલ માળખાના આધારે વેપારની રીત, શર્તો અને જરૂરી સુધારાઓ શરઈ દ્રષ્ટિએ રજૂ કર્યા છે જેને ધ્યાનમાં લેવા જરૂરી છે, અલ્લાહ તઆલા અમલની તવફીક આપે. ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે.

(૨૮ / મુહર્રમ ૧૪૩૨ હિજરી – ૪ / ૧ ૨૦૧૧ ઈસ્વી)

બોધકથા.

કહે છે કે નર–માદા કબૂતરોનું એક જોડું કયાંક માળો બનાવીને રહેતું હતું. અનાજની સીઝન આવી તો એમણે ઘઉં અને જવારના ઘણા બધા દાણા માળામાં ભેગા કરી લીધા. માળાનો એક ખૂણો દાણાથી છલકાતો જોઈને તેઓ મનોમન ખુશ થવા લાગ્યા. કબૂતરે માદાને કહયું કે, આ દાણા આપણે સાચવી રાખવા જોઈએ. હમણા તો આપણે બહાર ચણી – વીણીને જ ખાશું. પછી શિયાળામાં દાણાની અછત પડશે ત્યારે આપણે આ દાણા ખાશું. માદાએ આ સલાહ સ્વીકારી લીધી અને બન્નેએ નક્કી કર્યું કે આ દાણા તેઓ સાચવીને રાખશે. ત્યાર પછી નર કબૂતર ઘણા દિવસો સુધી બહાર ફરતું રહયું. અને બીજી તરફ માળામાં મૂકેલા લીલા – તાઝા દાણા સુકાવા લાગ્યા. ઘણા દિવસો પછી કબૂતર પાછું આવ્યું તો અનાજ ભરેલો ખુણો ઘણો બધો ખાલી લાગતો હતો. એટલે એણે કબૂતરીને કહયું કે, આપણે નક્કી કર્યું હતું કે, દાણા ખાઈશું નહીં, છતાં મારી ગેરહાજરીમાં તેં આ દાણા કેમ ખાધા ?

કબૂતરીએ ભારપૂર્વક જણાવ્યું કે, મેં એક દાણો પણ ખાધો નથી, સોગંદ ખાધા, પણ કબૂતરને વિશ્વાસ ન આવ્યો અને ચાંચ મારી મારીને કબૂતરીને એણે મારી નાખી. થોડા દિવસ પછી શિયાળો આવ્યો, બરફ પડયો અને વાતાવરણ ભીનું થયું તો ફરી પાછા દાણા ભીના થઈને ફૂલી ગયા અને માળાનો ખૂણો અનાજથી ભરાય ગયો. કબૂતરને હવે વાસ્તવિકતા સમજાયી, પણ હવે શું ફાયદો ? જે નુકસાન થવાનું હતું એ થઈ ચુકયું હતું.

વાર્તા એ બતાવે છે કે, જેના ઉપર એક વાર ભરોસો મૂકયો હોય તો એના ઉપર ઉતાવળે અવિશ્વાસ ન કરવો જોઈએ. બલકે પૂરી હકીકત જાણવી જોઈએ.

હદીસ શરીફમાં છે કે ખંદક ખોદવાના દિવસોમાં એક નવવિવાહિત સહાબી રોજ રાત્રે રજા લઈને ઘરે જતા હતા. એકવાર જતી વેળા આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે, હથિયાર સાથે લઈ જાઓ. કંઈક થાય તો કામ લાગે. ઘરે પહોંચ્યા તો જોયું કે અર્ધી રાતે એમની બીવી દરવાજે ઉભી છે, એમને શંકા થઈ, ઘણો ગુસ્સો આવ્યો અને તુરંત એને મારવા દોડયો, પણ બીવીએ કહયું કે, થોભો, જરા ઘરમાં જુઓ શું છે ? ઘરમાં જોયું તો એક મોટો સાપ હતો.

નિર્ણય કરવામાં ઉતાવળ, અને તે પણ પોતાના આગલા વિશ્વાસથી વિપરીત હોય તો..ઘણું નુકસાન કરે છે. માનવીના સ્વભાવમાં ગુસ્સો અને ઉતાવળ બે મોટી કમઝોરીઓ છે, દરેક માણસે આ બાબતે સદાએ સાવચેત રહેવાની જરૂરત છે.

# 100 ADVICES FROM QURA'N

1. Do not mix the truth with falsehood (2:42)
2. Order righteousness to people only after practicing it yourself (2:44)
3. Do not commit abuse on the earth (2:60)
4. Do not prevent people from mosques (2:114)
5. Do not follow anyone blindly (2:170)
6. Do not break the promise (2:177)
7. Do not engage in bribery (2:188)
8. Fight only with those who fight you (2:190)
9. Keep the etiquettes of war (2:191)
10. Protect orphans (2:220)
11. Do not have sexual intercourse during menstrual period (2:222)
12. Breast feed your children for two complete years (2:233)
13. Choose rulers by their merit (2:247)
14. No compulsion in religion (2:256)
15. Do not invalidate charity with reminders (2:264)
16. Help those in need by finding them (2:273)
17. Don't consume interest (2:275)
18. Grant more time to repay if the debtor is in hard time (2:280)
19. Write down the debt (2:282)
20. Keep the trust (2:283)
21. Do not spy and backbite (2:283)
22. Believe in all prophets (2:285)
23. Do not burden a person beyond his scope (2:286)
24. Do not become divided (3:103)

25. Restrain Anger (3:134)
26. Do not be rude in speech (3:159)
27. Think deeply about the wonders and creation of this universe (3:191)
28. Men and Women have equal rewards for their deeds (3:195)
29. Wealth of the dead should be distributed among his family members (4:7)
30. Women also have the right for inheritance (4:7)
31. Do not devour the property of orphans (4:10)
32. Do not marry those in your blood relation (4:23)
33. Do not consume one another's wealth unjustly (4:29)
34. Family should be lead by men (4:34)
35. Be good to others (4:36)
36. Do not be miserly (4:37)
37. Do not keep envy (4:54)
38. Judge with justice between people (4:58)
39. Do not kill each other (4:92)
40. Do not be an advocate for deceitful (4:105)
41. Standout firmly for justice (4:135)
42. Cooperate in righteousness (5:2)
43. Do not cooperate in sin and aggression (5:2)
44. Dead animals, blood, the flesh of swine are prohibited (5:3)
45. Be just (5:8)
46. Punish for crimes in an exemplary way (5:38)
47. Strive against sinful and unlawful (5:63)
48. Avoid intoxicants and alcohol (5:90)
49. Do not gamble (5:90)
50. Do not insult others' deities (6:108)

51. 'Having majority' is not a criterion of truth (6:116)
52. Don't reduce weight or measure to cheat people (6:152)
53. Do not be arrogant (7:13)
54. Eat and Drink, But Be Not Excessive (7:31)
55. Wear good cloths during prayer times (7:31)
56. Forgive others for their mistakes (7:199)
57. Do not turn back in battle (8:15)
58. Protect and help those who seek protection (9:6)
59. Keep Purity (9:108)
60. Never give up hope of Allah's Mercy (12:87)
61. Allah will forgive to those who have done wrong out of ignorance (16:119)
62. Invitation to God should be with wisdom and good instruction (16:125)
63. No one will bear others' sins (17:15)
64. Be dutiful to parents (17:23)
65. Do not say a word of disrespect to parents (17:23)
66. Do not spent money extravagantly (17:29)
67. Do not kill your children for fear of poverty (17:31)
68. Do not approach unlawful sexual intercourse (17:32)
69. Do not pursue that of which you have no knowledge (17:36)
70. Speak to people mildly (20:44)
71. Keep aloof from what is vain (23:3)
72. Do not enter others' house without seeking permission (24:27)
73. Allah will provide security for those who believe only in Allah (24:55)
74. Do not enter parents' private room without asking permission (24:58)

75. Walk on earth in humility (25:63)
76. Do not neglect your portion of this world (28:77)
77. Invoke not any other god along with Allah (28:88)
78. Do not engage in homosexuality (29:29)
79. Enjoin right, forbid wrong (31:17)
80. Do not walk in insolence through the earth (31:18)
81. Lower your voice (31:19)
82. Women should not display their finery (33:33)
83. Allah forgives all sins (39:53)
84. Do not be despair of the mercy of Allah (39:53)
85. Repel evil by good (41:34)
86. Decide on affairs by consultation (42:38)
87. Try for settlement between people (49:9)
88. Do not ridicule others (49:11)
89. Avoid suspicion (49:12)
90. Do not spy or backbite (49:12)
91. Most noble of you is the most righteous (49:13)
92. Honor guests (51:26)
93. Spent wealth in charity (57:7)
94. No Monasticism in religion (57:27)
95. Those who have knowledge will be given a higher degree by Allah (58:11)
96. Treat non-Muslims in a kind and fair manner (60:8)
97. Save yourself from covetousness (64:16)
98. Seek forgiveness of Allah. He is Forgiving and Merciful (73:20)
99. Do not repel one who asks (93:10)
100. Encourage feeding poor (107:3)

-----------------------------------------------------------

================================

### સારો અને નરસો માણસ

એક માણસે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને પૂછયું કે, યા રસૂલલ્લાહ !

? સૌથી સારો માણસ કોણ ?

✓નેક અમલ સાથે લાંબી ઉમર વાળો

? અને સૌથી બુરો માણસ ?

✓બુરા અમલ અને ઉમર લાંબી.

### હમેંશા તૈયાર રહો

ભુતકાળ અને વર્તમાન કાળ ખરાબ થઈ ગયાં હોય છતાં ભવિષ્ય સલામત હોય છે. માટે એના માટે તૈયાર રહો અને તૈયારી કરતા રહો.

### પોતાનું મુલ્યાંકન

કોઈ બીજાને સામે રાખીને પોતાનું મુલ્યાંકન ન કદી ન કરો. આપણે જેવા પણ છીએ, સારા જ છીએ. અપને મન મેં ડૂબ કર પા જા સુરાગે જિંદગી !

### કંટાળી દાસ્તાન

જીવન એક લાંબી કંટાળી દાસ્તાન છે. એને વાંચવા સમજવા માટે જરૂરી છે કે હમેંશા આગળના પેજ ઉપર નજર રાખો, એમાં જરૂર કોઈ દિલચસ્પ વાર્તા હોય શકે છે.

### અલ્લાહ સાથેનો મામલો

અલ્લાહને જે પસંદ હોય એ આપો, જવાબમાં અલ્લાહ તઆલા આપણને પસંદ હોય એ વસ્તુઓ આપશે. એ બોલાવે ત્યારે હાજર થઈ જાઓ, તો આપણી જરૂરતે તે જરૂર હાજર હશે.

### શું સારું અને શું નઠારું ?

તમે સારા હોવ છતાં લોકો તમને બુરા સમજે એ સારું છે. અને તમે બુરા હોવ છતાં લોકો તમને સારા સમજે, એ ઘણું જ ખરાબ છે.

### સંબંધો અને ફુરસદ

સંબંધો માટે ફુરસદ કે સમયની જરૂરત નથી હોતી. ધ્યાન અને લાગણીની જરૂરત હોય છે.

### ધ્યેય અને તમન્ના

ધ્યેય (મકસદ) અને તમન્ના (ખ્વાહિશ)માં ઘણો તફાવત છે. હિમ્મતવાન લોકો પોતાનું ધ્યેય નક્કી કરીને એને પામવા માટે મહેનત કરે છે. અને સામાન્ય લોકો તમન્નાઓ સેવીને બેસી રહે છે.

### સાચો દોસ્ત

સાથે હોય તો વફા કરે અને દૂર હોય તો દુઆ કરે, એ સાચો દોસ્ત !

### નમાઝ માટે સમય ફાળવો

પોતાના અતિ વ્યસ્ત સમયમાંથી પણ નમાઝ માટે પૂરો સમય ફાળવો. અલ્લાહ તઆલા જીવનમાંથી બુરા સમયને બહાર કરી દેશે. ઈન્શાઅલ્લાહ.

### માણસ એવી હસ્તી છે :

બધી જ વસ્તુઓ અથડાવા, ટકરાવા કે ઠોકર વાગવાથી તૂટી જાય છે. ફકત માણસ એવી હસ્તી છે, જે ઠોકર વાગવાથી બને છે અને ઘડાય છે.